₹ ૨૦/-

અભીપ્સુઓ માટે આધ્યાત્મિક માર્ગદર્શન

પ્રભુ અર્પણ

ફેબ્રુઆરી - ૨૦૨૩

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

Matter shall reveal the Spirit's face

Sri Aurobindo

આધ્યાત્મિક જીવનના દૃષ્ટિબિંદુથી તમે શું કરો છો એ મહત્ત્વની વસ્તુ નથી, પરંતુ તમે એ કઈ રીતે કરો છો અને એમાં કઈ ચેતના મૂકો છો એ વસ્તુનું મહત્ત્વ છે. હંમેશાં પ્રભુનું સ્મરણ રાખો અને તમે જે કંઈ કરશો તે બધું ઈશ્વરની સંનિધિની અભિવ્યક્તિ રૂપ બની રહેશે.

*

તમે જ્યારે તમારા બધાં કાર્યોને પ્રભુચરણે નૈવેદ્યરૂપે ધરી દો છો ત્યાર પછી કોઈ કાર્ય મોટું ને કોઈ કાર્ય નાનું રહેતું નથી; બધાં કાર્યોનું મહત્ત્વ એકસરખું જ રહેશે — અને એ કાર્યને મહત્ત્વ આપશે તમારું સમર્પણ.

(CWM : 14 : 36)

શ્રી માતાજી

આપણે એક સર્વાંગ સંપૂર્ણ રૂપાંતર માગીએ છીએ, શરીરનું અને તેની સર્વે ક્રિયાઓનું રૂપાંતર. પરંતુ બીજું કાંઈ પણ આપણે હાથ ધરી શકીએ તે પહેલાં આપણે એક પ્રથમનું પગલું લેવું અનિવાર્ય છે. અને એ છે, ચેતનાનું રૂપાંતર.... હું અહીં કેવળ માનસિક દૃષ્ટિબિંદુના પરિવર્તનની વાત કરતી નથી; પણ ચેતનાના પોતાના જ રૂપાંતરની વાત કરું છું.

આ ચેતનાનું રૂપાંતર એ એક એવી વસ્તુ છે, જે એવા સૌ કોઈમાં બની આવે છે, જેઓએ યૌગિક સાધનાનું અનુસરણ કરેલું હોય છે અને જેઓ પોતાના સ્વરૂપના સત્ય વિશે તેમજ ઈશ્વરની સંનિધિ વિશે સભાન બન્યા હોય...

શ્રી માતાજી

પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

ફેબ્રુઆરી – ૨૦૨૩ વર્ષ : ૦૯ અંક : ૦૨

અનુક્રમ

પ્રાસ્તાવિક
અસ્તિત્વ માટેનું એક માત્ર કારણ ૦૫
અણુતમ અનંત (કાવ્ય) ૦૭
વિભાગ–૧
આધ્યાત્મિકતા શું છે ? ૧૦
વિભાગ–૨
અભીપ્સુઓ માટે આધ્યાત્મિક માર્ગદર્શન ૧૩
વિભાગ–૩
રોજબરોજના જીવનમાં આધ્યાત્મિક્તાનું આચરણ ૨૬
ગુરુસ્તોત્રમ્ ૩૬
*
વૃત્ત વિશેષ ૪૧

નોંધ : પુસ્તક પ્રાર્થનાઓ અને ધ્યાન (અંગ્રેજી આવૃત્તિ) છાપકામ માટે મોકલવામાં આવ્યું હતું તે સમયે શ્રી માતાજીએ નીચે મુજબ લખાણ એમાં ઉમેર્યું હતું:

> ''આ પુસ્તકમાં ઉત્કૃટ યૌગિક સાધનાનાં વર્ષો દરમિયાન લખાયેલી રોજનીશીમાંથી અવતરણો સમાવવામાં આવ્યાં છે. ત્રણ મુખ્ય પ્રકારના અભીપ્સુઓ માટે આ પુસ્તક આધ્યાત્મિક માર્ગદર્શક પુરવાર થઈ શકે એમ છે. (૧) એવા લોકો જે 'સ્વ' ઉપર પ્રભુત્વ સ્થાપવા પ્રયત્ન કરતા હોય (૨) જેઓ ઈશ્વરપ્રાપ્તિ પરત્વેનો માર્ગ શોધી કાઢવા માગતા હોય (૩) જેઓ ઈશ્વરના કાર્ય માટે પોતાને વધુ ને વધુ સમર્પણભાવે નિવેદીત કરી દેવા માગતા હોય.''

અહીં, વિભાગ-૨માં એ પુસ્તકમાંથી થોડાં લખાણો રજૂ કર્યાં છે.

***

અસ્તિત્વ માટેનું એકમાત્ર કારણ

ભગવાન અને તેમનો સંકલ્પ, તેમનો આવિર્ભાવ, તેમની અભિવ્યક્તિ એ જ મહત્ત્વનાં છે, માણસ તે માટે જ અહીં જન્મ્યો છે, માણસ તે જ છે, બીજું કશું જ નહિ. જ્યાં સુધી માણસમાં પોતાની, અહંતાની, વ્યક્તિતાની લાગણી હોય, જે આ કાર્યમાં પ્રવેશે, તો તે સાબીત કરે છે કે માણસે જે હોવું જોઈએ તે હજી સુધી તે બન્યો નથી, બસ એટલું જ. હું એમ નથી કહેતી કે આ એક રાતમાં કરી શકાશે, પણ છતાં સાચે જ આ સત્ય છે.

આ આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ ઘણા લોકો (આધ્યાત્મિક જીવન જેમણે સ્વીકાર્યું છે અને જેઓ યોગ કરે છે તેવા લોકો) પણ અંગત કારણો માટે, અનેક પ્રકારના હેતુઓ માટે આ કાર્ય કરે છે. કેટલાક લોકો જીવનથી કંટાળી ગયા હોય છે, કેટલાક દુઃખી હોય છે, કેટલાક લોકો વધારે જાણવા માગે છે, કેટલાક લોકો આધ્યાત્મિક રીતે મહાન બનવા માગે છે, કેટલાક લોકો વસ્તુઓ શીખવા માગે છે કે જેથી તેઓ બીજાઓને શીખવાડી શકે, આવા હજારો અંગત કારણસર તેઓ યોગ કરે છે. બહુ જ થોડા લોકો ભગવાન તેમને સ્વીકારે અને પોતાના સંકલ્પને અનુરૂપ તેમને બનાવે તેટલા માટે ભગવાનને પોતાનું સમર્પણ કરતા હોય છે, અને તે પણ પરિપૂર્ણ વિશુદ્ધિમાં અને સ્થિરતાપૂર્વક; અને છતાં પણ સત્ય તો એમ કરવું તે જ છે. તેમ કરનાર લોકો સીધા લક્ષ્યની પ્રાપ્તિ કરે છે, ભૂલો કરવાનું જોખમ ખેડતા નથી. પણ બીજા સર્વ હેતુઓ હંમેશાં અહંતાથી સંમિશ્રિત બનીને કલંકિત બનેલા હોય છે; તેઓ તેમને સ્વાભાવિક રીતે જ આમતેમ રખડાવે, લક્ષ્યથી પણ બહુ દૂર ધક્કેલી દે.

અસ્તિત્વ માટે તે એક જ કારણ, લક્ષ્ય હોવું, એક જ હેતુ હોવો, ભગવાનને એટલું પરિપૂર્ણ સમર્પણ કરી દેવું કે તમે તમારી જાતને તેમનાથી ભિન્ન જોઈ શકો જ નહિ, કોઈપણ અંગત પ્રતિકાર્યોને વચ્ચે આવવા દીધા સિવાય તમે સંપૂર્ણપણે ભગવાનરૂપ જ બની જાઓ, આ આદર્શ વલણ છે. તે વલણ જ માત્ર તમને જીવનમાં અને કાર્યમાં આગળ લઈ જાય છે, દરેક વસ્તુથી સુરક્ષિત રાખે છે, તમારી જાતથી પણ, કારણ કે માણસની જાત પોતે બધાં જોખમોમાં સૌથી વધારે મહાન છે, તેના કરતાં વધારે મોટું કોઇ બીજું જોખમ નથી. (અહીં 'જાત' નો અર્થ છે અહંતાયુક્ત જાત). (શ્રી માતૃવાણી ગ્રંથ ૭ : ૧૯૫-૧૯૬)

*

જગત, જીવન અને યોગ : જગત કે જીવન સાથે કંઈ થજ લેવા દેવા ન હોવી, ઈન્દ્રિયોનું દમન કરવું, અથવા તો એનાં કાર્યોનો સંપૂર્ણ નિષેધ કરવો એ મારા યોગનું લક્ષ્ય નથી. મારા યોગનું લક્ષ્ય છે જીવનની અંદર પ્રકાશ, શક્તિ, અને ઈશ્વરના સત્યનો પરમાનંદ તેમ જ એની ક્રિયાશીલ નિશ્ચયાત્મકતાને ઉતારી લાવી જીવનનું રૂપાંતર કરવું. મારો યોગ એ જગતને ટાળવાની વિરક્તતાનો યોગ નથી, મારો યોગ એ દિવ્ય જીવનનો યોગ છે.

*

જગત એ એક વાસ્તવિક્તાનો આવિર્ભાવ છે અને માટે જ જગત એક વાસ્તવિકતા છે. વાસ્તવિકતા એ અનંત તેમ જ શાશ્વત દિવ્ય શક્તિ છે, અનંત તેમ જ શાશ્વત સ્વરૂપ છે; ચેતના શક્તિ અને પરમ મુદા છે. આ ઈશ્વર તત્ત્વે પોતાની શક્તિથી જગતનું સર્જન કર્યું છે, એમ કહો કે પોતાના જ અનંત સ્વરૂપમાં જગતનો આવિર્ભાવ કર્યો છે. **શ્રી અરવિન્દ**

The Infinitesimal Infinite

Out of a still Immensity all came!
        These million universes were to it
The poor light-bubbles of a trivial game,
        A fragile glimmer in the Infinite.

It could not find its soul in all that vast:
        It drew itself into a little speck
Infinitesimal, ignobly cast
        Out of earth's mud and slime strangely awake, -

A tiny plasm on a little globe
        In the small system of a dwarflike sun,
A little life wearing the flesh for robe,
        A little mind winged through wide space to run!

It lived, it knew, it saw its self sublime,
Deathless, outmeasuring Space, outlasting Time.

Sri Aurobindo

અણુતમ અનંત

બધું જ વહી આવ્યું શાંત સ્થિર કો વિરાટ્ તત્ત્વથી!
કરોડ કંઈ વિશ્વ આ લઘુક ક્ષુદ્ર કો ખેલના
હતા જ બસ એહને મન શું બુદ્બુદો તેજના,
અનંત મહીં એક ભંગુર પ્રકાશની ઝાંય કો.

વિરાટ સહુ એ વિષે ન નિજ આત્મ એને જડ્યોઃ
કર્યું જ નિજ રૂપને લઘુક બિંદુના રૂપમાં
અણુથી અણુ શું, રચાયલ અભદ્ર રૂપે જ એ
ધરાની જલ-મિટ્ટી પંકથી વિલક્ષણું જાગૃત, –

જરાક રસકોષ એક લઘુ પૃથ્વીના ગોળ પે
ગ્રહોની લઘુ માળ મધ્ય રવિ વામણા એકની,
અતીવ લઘુ જીવન ગ્રહત માંસના વસ્ત્રને,
અતીવ લઘુ ચિત્ત પાંખ થકી સજ્જ નભ દોડવા!

સજીવ થયું એ, થયું ધરત જ્ઞાન, નિજને લહ્યું
સુભવ્ય, અમરત્વપૂર્ણ, સ્થલ-કાલથી કૈં પર.

અનુ. સુન્દરમ્

(દક્ષિણા – ૨ : ૪૫૯)

૨૩ ઑક્ટોબર ૧૯૩૭

(પ્રભુની સેવામાં રહેવા ઈચ્છનાર માટે એક પ્રાર્થના)

હે વિઘ્નમાત્રના વિજેતા, તારો જય હો, પ્રભુ!

અમારી અંદર કશું પણ તારા કાર્યમાં વિઘ્નરૂપ ન બનો.

તારા આવિર્ભાવમાં કશું પણ વિલંબરૂપ ન બનો.

સર્વ પદાર્થોમાં પ્રત્યેક પળે તારી ઈચ્છા પૂર્ણ બનો.

તારી સમક્ષ અમે આવ્યાં છીએ એટલા માટે કે તારી ઈચ્છા અમારામાં સિદ્ધ થાય, અમારા એકેએક તત્ત્વમાં, અમારી એકેએક પ્રવૃત્તિમાં, અમારી ચેતનાનાં ઉચ્ચોચ્ચ શિખરોથી માંડી અમારા શરીરના નાનામાં નાના અણુ સુધી.

અમારી નિષ્ઠા કેવળ તારામાં જ રહો, સંપૂર્ણ અને સદાયને માટે.

અમારે કેવળ તારા પ્રભાવમાં રહેવું છે, અન્ય કોઈના નહિ.

અમે તારા પ્રત્યે હૃદયના ઊંડાણમાંથી તીવ્ર ભાવે કૃતજ્ઞ રહેવાનું ભૂલીએ નહિ.

તું હરપળે અમને અદ્‌ભુત વસ્તુઓ તારી પ્રસાદીરૂપે આપી રહ્યો છે. એનો અમે કદી દુર્વ્યય ન કરીએ.

અમારામાંની પ્રત્યેક વસ્તુ તારા કાર્યમાં સહકાર આપો. તારા સાક્ષાત્કાર માટે સર્વ કંઈ તૈયાર થાઓ.

સર્વ સાક્ષાત્કારોના હે પરમ ગુરો, તારો જય હો, પ્રભુ!

તારા વિજયમાં અમને શ્રદ્ધા આપ, જીવંત અને જ્વલંત, અનન્ય અને અચલ.



Because he is there the Inconscient does its work,
Because he is there the world forgets to die.

Savitri, p. 681

વિભાગ–૧

આધ્યાત્મિક્તા શું છે ?

સામાન્ય જીવન એ છે
સામાન્ય કોટિની માનવચેતનાનું જીવન
કે જે ચેતના પોતાના સત્ સ્વરૂપથી તથા ઈશ્વરથી અલગ થઈ
ગયેલી છે,
અને અજ્ઞાનનાં ધારાધોરણો,
જેમ કે મન, પ્રાણ અને શરીરની સામાન્ય ટેવો
દ્વારા એનું નિયમન થતું રહે છે.

આનાથી વિરુદ્ધ, આધ્યાત્મિક જીવનની
શરૂઆત થાય છે સીધી ચેતનાના પરિવર્તન દ્વારા,
અજ્ઞાન તથા પોતાના સત્ સ્વરૂપથી તેમ જ પ્રભુથી
અલગ થયેલી એવી સામાન્ય ચેતનામાંથી
એક મહત્તર ચેતનામાંના પરિવર્તન દ્વારા;
અને એ મહત્તર ચેતનામાં વ્યકિત પોતાા સત્ સ્વરૂપને પામી
શકે છે
તથા પ્રભુ સાથે સીધો તેમ જ જીવંત સંપર્ક પ્રથમ પ્રસ્થાપિત
કરી શકે છે
અને છેવટે પ્રભુ સાથે એકત્વ સિદ્ધ કરી શકે છે.

અધ્યાત્મની ઝંખના સેવનાર માટે
આ ચેતનાનું પરિવર્તન એ જ એક મુખ્ય વસ્તુ છે
અને બાકીની કોઈ પણ વસ્તુ એને માટે મહત્ત્વની નથી.

(Cent. ed. Vol. 22 - P - 137)

આધ્યાત્મિકતા એટલે...

મન તથા જીવનથી મહત્તર એવી કોઈક વસ્તુનો સ્વીકાર. સ્વાભાવિક એવી આપણી મનોમય તેમ જ પ્રાણમય પ્રકૃતિથી પર હોય એવી શુદ્ધ, મહત્તર અને દિવ્ય ચેતના પરત્વેની અભીપ્સા.

આપણા નિમ્ન ભાગોની ક્ષુદ્રતામાંથી તેમ જ એના બંધનોમાંથી આત્માનું ઉછળીને બહાર નીકળી આવવું અને પોતાના અંતરમાં નિગૂઢ મહત્તર સત્‌તા પ્રતિ વળવું.

***

અહમ્‌થી અલગ એવી બીજી ચેતના વિશે તમે સભાન બનો તેમ જ એ ચેતનાની અંદર જીવન ધારણ કરો અથવા તો એ ચેતનાની અસર હેઠળ વધુ ને વધુ રહો એ છે આધ્યાત્મિકતા. એ ચેતના, જે વિશાળ છે, અનંત છે, સ્વવિદ્યમાન છે અને અહંકારથી મુક્ત છે, એને આત્મા (બ્રહ્મન, ઈશ્વર) વગેરે નામોથી ઓળખવામાં આવે છે.

***

આધ્યાત્મિકતા એ ઉચ્ચ બુદ્ધિમતા નથી. નથી એ આદર્શવાદ કે નથી એ મનનું નૈતિક પરિવર્તન. નૈતિક પ્રકારની શુદ્ધિ અને દેહદમન પણ આધ્યાત્મિકતા નથી. નથી એ ધાર્મિકતા.

નથી એ આતુર અને હર્ષાવેશભરી લાગણીશીલ ઉત્કટતા. અને આવી બધી જ શ્રેષ્ઠ વસ્તુઓનું સંયોજન પણ આધ્યાત્મિકતા નથી.

આ બધી વસ્તુઓનું (આદર્શવાદ, નૈતિકતા, ધાર્મિકતા, લાગણીશીલ ઉત્કટતા વ.) મન તેમ જ પ્રાણ માટે ઘણું મહત્ત્વ છે. એક પ્રારંભિક ગતિવિધિ રૂપે, જે પ્રકૃતિને શિસ્તબદ્ધ કરે છે, શુદ્ધ કરે છે અને એને યોગ્ય આકાર આપે છે એ રીતે આધ્યાત્મિક ઉત્ક્રાંતિ માટે પણ આ વસ્તુઓનું મહત્ત્વ છે.

તેમ છતાં આ બધી વસ્તુઓ તે મનોમય ઉત્ક્રાંતિની અવસ્થાઓ છે. એમાં આધ્યાત્મિક અનુભૂતિ, સાક્ષાત્કાર અને પરિવર્તનની શરૂઆત થયેલી હોતી નથી.

***

આધ્યાત્મિક્તા એના મૂળ સ્વરૂપે

- આપણા સ્વરૂપની આંતરિક વાસ્તવિક્તા — આત્મા, સ્વરૂપ, સત્‌ — જે આપણાં મન, પ્રાણ અને શરીરથી અલગ વાસ્તવિકતા છે — તેના પ્રત્યે સભાનતા કેળવવાની પ્રક્રિયા છે.
- એ છે આંતર વાસ્તવિક્તાને જાણવાની અનુભવવાની અને એ વાસ્તવિક્તારૂપ બની રહેવાની તથા ઊર્ધ્વમાં રહેલી મહત્તર વાસ્તવિક્તા સાથે સંપર્ક કેળવવાની અભીપ્સા.

- એ મહત્તર વાસ્તવિકતા, જે પર છે અને જે વિશ્વમાં વ્યાપક છે, એ આપણા સ્વરૂપમાં પણ નિવાસ કરે છે, એ વાસ્તવિક્તા સાથે સંબંધ રાખવો, એકતા કેળવવી, આ અભીપ્સા, સંપર્ક, એકતા તથા વિકાસને લઈને આપણા સમગ્ર સ્વરૂપનું પરિવર્તન થવું, બદલાઈ જવું અને રૂપાંતર થઈ જવું અને એક નૂતન અવસ્થામાં, નૂતન અસ્તિત્વમાં, નૂતન આત્મામાં, નૂતન પ્રકૃતિમાં, સમગ્ર સ્વરૂપનો ઉદય થવો એ જ છે આધ્યાત્મિકતા.

***

આધ્યાત્મિકતા એટલે પોતાનું સત્, અંતરતમ, ઉચ્ચોચ્ચ અને વિશાળતર સ્વરૂપ તથા આત્માની ચેતનામાં દૃઢ થયેલું એવું એક નૂતન તેમ જ મહત્તર આંતરિક માનવ જીવન, જેના વડે માણસ સમગ્ર અસ્તિત્વને વિશ્વમાં રહેલા આત્માના ક્રમિક આવિર્ભાવ રૂપે જુએ છે અને પોતાના જીવનને એ શક્ય રૂપાંતર માટેના ક્ષેત્ર તરીકે સ્વીકારે છે, જે જીવનમાં દિવ્ય સમજ કેળવાયેલી જોવા મળશે, જીવનની શક્યતાઓ ખૂબ વિકસેલી જોવા મળશે, અને હાલના અપૂર્ણ રૂપો દિવ્ય પૂર્ણતાની પ્રતિકૃતિમાં પરિણત થયેલા જોવા મળશે. એ જીવનમાં માનવસ્વરૂપની આ મહત્તર શક્યતાઓનું માત્ર દર્શન જ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે એમ નહિ, પરંતુ એ શક્યતાઓને ચરિતાર્થ પણ કરવામાં આવશે.

***

દિવ્ય પૂર્ણતા ત્યાં આપણાથી પર, હંમેશને માટે આવી રહેલી છે અને માનવ પોતે પોતાની ચેતનામાં દિવ્ય બને, આંતર તેમજ બાહ્ય રીતે દિવ્ય જીવન જીવે તથા કાર્ય કરે એ જ છે સાચી આધ્યાત્મિકતા. આધ્યાત્મિકતા શબ્દની આનાથી ઓછી કે ઊતરતી કક્ષાની જે કંઈ વ્યાખ્યાઓ આપવામાં આવે છે એ છે અપર્યાપ્ત ફાંફા. એ પાખંડ છે.

શ્રી અરવિન્દ

(Cent. ed. Vol. 14, P-65, Vol. 23, P-837, Vol. 14, P-433, Vol.-19, P-857, Vol. 9, P-251, Vol. 15, P-247)

***

All Spiritual life is in its principle a growth into divine living.

(Life Divine) **Sri Aurobindo**

વિભાગ–૨
અભીપ્સુઓ માટે આધ્યાત્મિક માર્ગદર્શન

૩ ડિસેમ્બર ૧૯૧૨

ગઈ રાત્રે મને અનુભવ થયો કે તારા માર્ગદર્શન આગળ કરાતા શ્રદ્ધાપૂર્વકના સમર્પણની અસરકારકતા કેવી તો હોય છે; જ્યારે કોઈ વસ્તુ જાણવાની જરૂર ઊભી થાય છે ત્યારે આપણને તેનું જ્ઞાન મળી આવે છે, અને તારા પ્રકાશ પ્રત્યે મન જેટલું વધારે શાંત રહેતું હોય છે તેટલા પ્રમાણમાં એ જ્ઞાનની અભિવ્યક્તિ વધારે સ્પષ્ટ અને વધારે સમુચિત બનતી હોય છે.

તું મારા અંતરમાં બોલી રહ્યો હતો તે વેળા હું તને સાંભળી રહી હતી, અને તેં જે કહેલું તે મને લખી લેવાનું મન થયેલું, – કે જેથી એ વસ્તુ એની આખીયે ચોકસાઈપૂર્વક જળવાઈ રહે – કેમ કે હવે તો હું જે કહેવાયું હતું તેને ફરીથી કહી શકીશ નહિ. પછી મને વિચાર આવ્યો કે આ રીતે સાચવી રાખવાની ચિંતા રાખવી એ પણ તારા પ્રત્યેના વિશ્વાસમાં એક અપમાનકારક અભાવ બની રહે છે, કેમ કે મારે જે કાંઈ બનવાની જરૂર હોય છે તે તું મને બનાવી શકે છે, અને જેટલા પ્રમાણમાં મારી વૃત્તિ તને મારા ઉપર અને મારી અંદર કાર્ય કરવા દે છે તેટલા પ્રમાણમાં તારી સર્વશક્તિમત્તાને કોઈ સીમા હોતી નથી.

૫ ડિસેમ્બર ૧૯૧૨

શાશ્વત પ્રભુ શાંતિમાં અને નીરવતામાં પ્રગટ થાય છે; કોઈ પણ ચીજ તમને ક્ષોભ કરે એમ ન થવા દેશો અને શાશ્વત પ્રભુ પ્રગટ થશે; સર્વ વસ્તુ સામે સંપૂર્ણ સમતા ધારણ કરો અને શાશ્વત પ્રભુ ત્યાં હાજર થશે...હાલ અમારે તને શોધવાની સાધનામાં વધુ પડતી તીવ્રતા, વધુ પડતો પ્રયત્ન ન લઈ આવવાં જોઈએ. એ પ્રયત્ન અને તીવ્રતા તારી સમક્ષ એક આવરણ બની રહે છે; અમારે તારું દર્શન કરવાની ઇચ્છા ન કરવી જોઈએ, કારણ કે એ હજી પણ એક માનસિક આંદોલન બની રહે છે. અને તારા શાશ્વત સાંનિધ્ય ઉપર અંધારું ઢાળી દે છે; અત્યંત પૂર્ણ એવી શાંતિમાં, સ્વસ્થતા અને સમતામાં જ સર્વ કાંઈ તું રૂપે બની રહે છે, જેવી રીતે તું સર્વ રૂપે છે તેવી રીતે, અને આ પૂર્ણ રૂપે શુદ્ધ અને સ્વસ્થ વાતાવરણમાં સહેજ પણ આંદોલન ઊભું થાય તો તે તારા આવિર્ભાવમાં વિઘ્નરૂપ બને છે. નહિ ઉતાવળ, નહિ અસ્વસ્થતા, નહિ વ્યાકુળતા, તું, તારા સિવાય કાંઈ જ નહિ, કશું પૃથક્કરણ નહિ કે વસ્તુરૂપ આપવાની ક્રિયા નહિ, અને તું ત્યાં હાજર થાય છે, કશી પણ શંકા ન રહે તેમ, કેમ કે સર્વ કાંઈ એક પુનિત શાંતિ અને પવિત્ર નીરવતા બની રહે છે.

અને એ જગતમાંનાં સર્વ કાંઈ ધ્યાન કરતાંયે વધુ સારું હોય છે.

૧૮ જૂન ૧૯૧૩

તારા પ્રતિ અભિમુખ થવું, તારી સાથે સાયુજ્ય પામવું, તારામાં અને તારા અર્થે જીવન ધારણ કરવું, એ છે પરમ સુખ, અમિશ્ર આનંદ, અવિચલ શાંતિ; એ છે અનંતતાનો ઉચ્છ્વાસ લેવો. શાશ્વતીમાં ઊંચે ઊંચે ચડી જવું, પોતાની મર્યાદાઓનો વધુ અનુભવ ન કરવો, સ્થળ અને કાળમાંથી છૂટી જવું. આ વરદાનોથી જાણે કે લોકો ડરતા હોય તેમ તેમનાથી કેમ દૂર ભાગતા હશે? દુઃખમાત્રનું મૂળ એવું આ પેલું અજ્ઞાન, એ તે કેવી વિચિત્ર વસ્તુ છે! આ અંધકાર મનુષ્યોને; જે એકમાત્ર વસ્તુ તેમને સુખ આપી શકે છે તેની જ પાસે જતાં રોકી રાખે છે, આ અંધકાર મનુષ્યોને નર્યા સંઘર્ષ અને વેદનાથી ઘડાયેલા આ સામાન્ય જીવનની દુઃખપૂર્ણ નિશાળમાં જકડી રાખે છે એ કેવી તો કરુણ દશા છે!

૨૮ નવેમ્બર ૧૯૧૨

આપણું બાહ્ય જીવન, આપણા પ્રત્યેક દિવસની અને પ્રત્યેક પલની પ્રવૃત્તિ એ શું આપણા ધ્યાન અને ચિંતનના કલાકોની અનિવાર્ય એવી પૂર્તિ જેવાં જ નથી? અને ધ્યાન તથા કર્મો પાછળ આપણે જે પ્રમાણમાં વખત આપીએ છીએ તે જ પ્રમાણ સાધના અને સાક્ષાત્કાર માટે લેવા પડતા શ્રમની વચ્ચે પણ શું નથી હોતું? કારણ કે ધ્યાન, ચિંતન, મિલન એ તો આપણને આવી મળતું પરિણામ છે — ખીલી ઊઠતું પુષ્પ છે; રોજે રોજની પ્રવૃત્તિ એ તો એક એરણ જેવી છે, કે જેના ઉપર તમામ તત્ત્વોને એકેએક કરીને ધરી દેવાનાં રહે છે. અને એ રીતે ચિંતન એમના માટે જે પ્રકાશ મેળવી આપે છે તે માટે તેમને વિશુદ્ધ કરવાનાં છે, સંસ્કારવાનાં છે, સૂક્ષ્મ અને પક્વ કરવાનાં છે. પૂર્ણ વિકાસને માટે બાહ્ય પ્રવૃત્તિની જરૂર ન રહેવા પામે તે પૂર્વે આ બધાં તત્ત્વોને આ રીતે એક પછી એક કસોટીમાંથી પસાર કરવાનાં જ રહે છે. એ પછી આ પ્રવૃત્તિ તારો આવિર્ભાવ કરવા માટેનું સાધન બની રહે છે અને તે દ્વારા ચેતનાનાં બીજાં કેન્દ્રોને ઘડતરના અને પ્રકાશપ્રાપ્તિના એક જ બેવડા કાર્યને માટે જાગૃત કરવામાં આવશે. આટલા માટે અભિમાન અને આત્મ-સંતોષ એ સૌથી ખરાબમાં ખરાબ વિઘ્નો છે. આપણે બહુ જ વિનમ્રપણે આપણને મળતી એકેએક નાનામાં નાની તકનો લાભ ઉઠાવી લેવાનો છે અને એ દ્વારા આપણામાં રહેલાં અનેક તત્ત્વોમાંથી કેટલાંકને ગૂંદવાનાં અને વિશુદ્ધ કરવાનાં છે, એમને મુલાયમ કરવાનાં છે, બિનઅંગત કરવાનાં છે, એ પોતાની જાતને ભૂલી જતાં શીખે, ત્યાગ અને ભક્તિ અને માયાળુતા અને નમ્રતા શીખે એમ કરવાનું છે; અને જ્યારે સ્વરૂપના આ બધા ભાવો આ તત્ત્વોને માટે સ્વાભાવિક બની જાય ત્યારે પછી તેઓ ચિંતનમાં ભાગ લેવા માટે અને એ પરમ એકાગ્રતામાં તારી સાથે પોતાને એકરૂપ કરવા તૈયાર બને છે, એટલા માટે મને લાગે છે કે ઉત્તમોત્તમ વ્યક્તિઓ માટે પણ આ કામ લાંબું અને ધીમું રહેવાનું અને એકદમ થઈ જતાં પરિવર્તનો સર્વાંગીણ બની શકે તેમ નથી. એ પરિવર્તનો સ્વરૂપની અવસ્થા રચનાને બદલી

આપે છે, સ્વરૂપને નિશ્ચિત રીતે સીધા માર્ગ ઉપર મૂકી આપે છે; પરંતુ વ્યક્તિએ સાચી રીતે લક્ષ્યની સિદ્ધિ મેળવવી હશે તો તેણે હરેક પ્રકારના અને હરેક પળના અનુભવો મેળવવાની જરૂર રહે છે. તેમાંથી તે છટકી જઈ શકશે નહિ.

...હે પરમ પ્રભુ, તું મારા સ્વરૂપમાં તેમ જ પ્રત્યેક પદાર્થમાં પ્રકાશી રહ્યો છે, તારો પ્રકાશ આવિર્ભાવ પામો અને સર્વને માટે તારી શાંતિનું સામ્રાજ્ય બની આવો.

૨૧ ફેબ્રુઆરી ૧૯૧૪

પ્રત્યેક દિવસ, પ્રત્યેક પળ એક નવા અને વધુ સંપૂર્ણ સમર્પણ માટેની તક બની રહેવાં જોઈએ, અને એ સમર્પણ તે ઉત્સાહના અતિરેકવાળાં અને ધાંધલભરેલાં સમર્પણો જેવું ન હોવું જોઈએ, એમાં કાર્યનો આભાસ ભરેલો ન હોય, પણ તે એક ગહન અને નીરવ સમર્પણ હોય, કે જેણે સમર્પણનો દેખાવ કરવાની જરૂર ન હોય, પણ તે સર્વ કાર્યની અંદર આરપાર ચાલ્યું જતું હોય અને તેનું રૂપાંતર કરનારું હોય. અમારા મને શાંતિમય અને એકલ બનીને હમેશાં તારી અંદર જ નિવાસ કરવો જોઈએ, અને એ વિશુદ્ધ શિખર પરથી તેણે વાસ્તવિકતાઓનું, અસ્થિર અને ચંચળ આભાસોની પાછળ રહેલી અનન્ય અને શાશ્વત વાસ્તવિક્તાનું ચોક્કસ દર્શન મેળવવું જોઈએ.

હે પ્રભુ, મારું હૃદય કષ્ટ અને વેદનામાંથી વિશુદ્ધ બન્યું છે; એ સુદૃઢ અને સ્વસ્થ છે, અને તને સર્વ ચીજોની અંદર નિહાળે છે. અને અમારાં બાહ્ય કાર્યો ભલે ગમે તે રીતનાં હોય, અમારે માટે ભવિષ્યના ભંડારમાં ભલે ગમે તે સંજોગો રહેલા હોય, પણ હું જાણું છું કે તું જ માત્ર એક જીવંત વસ્તુ છે, તારી અવિનાશી શાશ્વત અવસ્થામાં રહેલી તું જ માત્ર વાસ્તવિક વસ્તુ છે અને અમારો નિવાસ તે તારામાં છે....

સારીયે પૃથ્વી ઉપર શાંતિ હજો.

૧૭ ઓગસ્ટ ૧૯૧૩

હે પ્રભુ, અમારા હે જીવનસ્વામી, અમારા સ્થૂલ જીવનને સાચવવાની ચિંતામાંથી અમને ઊંચે ને ઊંચે ચાલી જવા દે. શરીરને સાચવવું, તબિયત વિશેના વિચારો કર્યા કરવા, જીવનના નિર્વાહ અંગેનાં, જીવનની ઘટમાળ અંગેના વિચારો હંમેશાં કર્યા કરવા એના કરતાં વિશેષ હીણપત કરનારી, વિશેષ ગ્લાનિ કરનારી વસ્તુ બીજી કોઈ જ નથી.... આ બધું કેટલું તો ક્ષુદ્ર છે, એક પાતળા ધુમાડા જેવું છે કે જેને તારા પ્રત્યે વળેલો માત્ર એક જ વિચાર વ્યર્થ ઝાંઝવાની માફક વિખેરી નાંખે છે.

આ ગુલામીમાં જે પડી રહેલા છે તેમને મુક્ત કર, જેઓ વાસનાઓની ગુલામીમાં પડેલા છે તેમને પણ મુક્ત કરી આપજે. તારા પ્રતિ લઈ જતા માર્ગમાંનાં આ વિઘ્નો ભયંકર છે અને સાથે સાથે નિઃસત્ત્વ પણ છે; જે લોકો હજી તેમને વિવશ પડેલા છે તેમને માટે એ

ભયંકર છે, જે તેમનાથી પર થઈ ગયેલા છે તેમને માટે તે નિઃસત્ત્વ છે.

અમે જ્યારે અમારા પોતાના વિશેની ચિંતામાંથી, અમારા જીવન વિશેની, અમારા આરોગ્ય વિશેની, અમારી તૃપ્તિ વિશેની, તથા અમારી પ્રગતિ વિશેની પણ ચિંતામાંથી મુક્ત થઈ જઈએ છીએ અને પછી જે અપાર રાહત અનુભવાય છે, જે મધુર હળવાશ અનુભવાય છે એને કેવી રીતે વર્ણવી શકાય.

આ રાહત, આ મુક્તિ તેં મને આપી છે, ઓ દિવ્ય ગુરુ, હે મારા જીવનના જીવન, મારા પ્રકાશના પ્રકાશ, તું મને સતત પ્રેમના પાઠ શીખવી રહ્યો છે અને મારા અસ્તિત્વનું કારણ મને તેં સમજાવ્યું છે?

મારામાં હવે તું વસી રહ્યો છે, કેવળ તું જ; અને મારે હવે શા માટે મારા વિશે, મારું શું થશે એ વિશે ચિંતા કર્યા કરવી જોઈએ? તારા વિના, તને આવિર્ભાવ આપવાનો પ્રયત્ન કરી રહેલા આ શરીરની માટી આકારહીણી અને અચેતન બનીને વિખેરાઈ જશે; તારા વિના, અમને આવિર્ભાવનાં આ બીજાં કેન્દ્રો સાથે સંબંધમાં મૂકી આપનારું આ સંવેદનતંત્ર એક અંધકારમય જડતામાં અદૃશ્ય થઈ જશે; તારા વિના, સમન્વયને જીવન આપનારું તથા પ્રકાશ આપનારું ચિત્તતંત્ર વિશીર્ણ થઈ જશે, રણકાર વિનાનું થઈ જશે, અસિદ્ધ રહી જશે; તારા વિના, સર્વ કાંઈને સજીવન કરનાર, સમન્વય આપનાર, પ્રાણવંત કરનાર અને હૂંફ આપનાર પરમ પ્રેમ એક અજાગૃત રહેલી એવી શક્યતા બની રહેશે. તારા વિના સર્વ કાંઈ જડ છે, મૂઢ છે અથવા તો અચેતન છે. અમને પ્રકાશિત કરનાર અને આનંદિત કરનાર સર્વ કાંઈ તું છે, અમારા અસ્તિત્વનું એકમાત્ર કારણ અને અમારું સારુંયે લક્ષ્ય તે તું જ છે. આ વસ્તુ શું અમને સર્વ અંગત વિચારોના વ્યાધિમાંથી સાજા થઈ જવા માટે, અમારી પાંખો ફેલાવીને સ્થૂલ જીવનની ચિંતાઓમાંથી ઉપર ચડી જવા માટે પૂરતી નથી? એમ થતાં અમે તારા દિવ્ય વાતાવરણમાં ઊંચે ઊંચે ઊડી શકીશું અને સંદેશવાહકો તરીકે પૃથ્વી પ્રત્યે પાછા ફરવાની શક્તિ મેળવી શકીશું અને તારા હવે બનનારા આગમનના તેજોમય પરમ શુભ સમાચાર જાહેર કરી શકીશું.

હે દિવ્ય ગુરુ, સુપરમ મિત્ર, અદ્ભુત ગુરુ, હું તને, એક સુફલિત નીરવતામાં નમન કરું છું.

૨૮ નવેમ્બર ૧૯૧૩

ઉષાના ઉદય પૂર્વે, બીજી કોઈ ક્ષણ કરતાં વિશેષરૂપે, એકાગ્ર ચિંતનની જે સ્વસ્થ શાંતિ છવાઈ રહેતી હોય છે તેમાં મારું ચિત્ત, હે અમારા જીવનસ્વામી, તારા પ્રત્યે આતુર પ્રાર્થનાપૂર્વક ચડે છે.

આ આવી રહેલો દિવસ પૃથ્વીને માટે તથા માનવોને માટે શુદ્ધ પ્રકાશની અને

સાચી શાંતિની કાંઈક વધુ પ્રાપ્તિ કરાવી આપો; તારો આવિર્ભાવ વધુ પૂર્ણ બનો અને તારો નિયમ વધુ સમજાઓ; માનવજાતિને એક અધિક ઉચ્ચ, અધિક અભિજાત, અધિક સાચી વસ્તુનાં દર્શન મળો, એક અધિક વિશાળ અને એક અધિક ગહન પ્રેમ જગતમાં છલકાઈ ઊઠો કે જેથી જગતના વેદનાભર્યા ઘા રૂઝાઈ જાય; અને સૂર્યનું આવી રહેલું આ પ્રથમ કિરણ આનંદ અને સંવાદિતાઓનો છડીદાર બની રહો, જીવનના ગર્ભમાં છુપાયેલા ભવ્ય વૈભવનું પ્રતીક બની રહો.

હે દિવ્ય ગુરુ, અમારી પ્રાર્થના છે કે આજનો દિવસ, અમે તારા સંકલ્પને વધુ સંપૂર્ણ સમર્પણ કરીએ, તારા કાર્યને અમારો વધુ સંપૂર્ણ ઉપહાર કરીએ, અમારી જાતનું અમે વધુ વિસ્મરણ કરીએ, એક વધુ મહાન પ્રકાશ પ્રગટ થાય, એક વધુ વિશુદ્ધ પ્રેમ પ્રાપ્ત થાય તે માટેનો એ પ્રસંગ બની રહો; અમારી પ્રાર્થના છે કે તારી સાથે હંમેશાં વધુને વધુ ઊંડા અને વધુને વધુ સતત અને સંપૂર્ણ બનતા જતા સંપર્કમાં રહીને અમે તારી સાથે હંમેશાં વધુને વધુ નિકટ ભાવે અદ્વૈત પામીએ અને તારા સુપાત્ર સેવક બની રહીએ. અમારામાંથી અહંકાર માત્ર દૂર કરી દો, બધું જ મિથ્યા અભિમાન, બધો જ લોભ અને અજ્ઞાન નિર્મૂળ કરી દો, કે જેથી અમે તારા દિવ્ય પ્રેમ વડે પૂરેપૂરા પ્રજ્વલી ઊઠીએ, જગતમાં તારી મશાલો બની રહીએ. પૂર્વના દેશોના ધૂપના સફેદ ધૂપ જેવી એક નીરવ સ્તુતિ મારા હૃદયમાંથી ઉપર ઊઠી રહી છે.

અને આ ઉદય પામતા દિવસે, પૂર્ણ સમર્પણની સ્વસ્થતાપૂર્વક હું તને નમન કરું છું.

૨૯ નવેમ્બર ૧૯૧૩

આ બધો અવાજ, આ બધી હિલચાલ, આ મિથ્યા અને પોલું એવું આંદોલન શા માટે; તોફાનમાં સપડાયેલી માખોના એક ટોળા માફક માણસોને ઘસડી જતી આ આંધી શા માટે? આ બધી શક્તિ વેડફાઈ રહી છે, આ બધા પ્રયત્નો બરબાદ થઈ જાય છે એ તે કેવો ગ્લાનિપ્રેરક દેખાવ છે. લોકો દોરીઓના છેડે બાંધેલાં અને પોતે કોના વતી અથવા તો શાના વતી નચાવાય છે તેના જ્ઞાન વિનાનાં પૂતળાંની માફક નાચવાનું ક્યારે બંધ કરશે? લોકો પોતે નીચે બેસવાનો અને અંદરમાં વળવાનો, પોતાની જાતને એકત્ર કરવાનો અને પેલું આંતર દ્વાર ખોલવાનો, એ આંતર દ્વાર કે જે તારા અમૂલ્ય ભંડારોને, તારાં અનંત વરદાનોને તેમની આગળથી સંતાડી રાખે છે, તે માટેનો સમય ક્યારે કાઢશે?....

આમ તો તારા પરમ પ્રકાશનો માત્ર એક જ તણખો, તારા દિવ્ય પ્રેમનું માત્ર એક બિંદુ આ વેદનાને આનંદના એક સાગરમાં પલટી દઈ શકે તેમ છે તે જોતાં એમનું અજ્ઞાન અને અંધકારથી ભરેલું જીવન, એમનું મૂર્ખ આંદોલન અને કશા પણ લાભ વિનાના દુર્વ્યયથી ભરેલું જીવન મને કેવું તો દુઃખજનક અને દયાજનક લાગે છે.

હે પ્રભુ, મારી પ્રાર્થના તારા તરફ ઊંચે જઈ રહી છેઃ આ લોકો આખરે જતાં, એક અવિચલ સ્વસ્થતામાંથી આવતી તારી શાંતિને, પ્રશમતાને અને અવિરોધ્ય શક્તિને જાણતા થાઓ — જેમની આંખો ખૂલી ગઈ છે અને જે પોતાના સ્વરૂપના પ્રદીપ્ત બનેલા મર્મ ભાગમાં તારું ચિંતન કરી શકે છે તેમને માટેની તો આ મહા જાગીર છે.

પરંતુ તારા આવિર્ભાવનો પ્રહર આવી ગયો છે.

અને આનંદની સ્તુતિઓ થોડા જ સમયમાં હરેક દિશામાંથી ફૂટી નીકળશે.

એ પ્રહરની ગંભીરતા સમક્ષ, હું તને ધર્મભાવે નમસ્કાર કરું છું.

૧૭ નવેમ્બર ૧૯૧૪

જ્યારે પણ કદી બાહ્ય પરિસ્થિતિમાં સહેજ સરખી પણ મુશ્કેલી ઊભી થાય અને તેમાંથી કાંઈ બેચેની પ્રગટે તે જ વખતે જો તારા સંકલ્પ સમક્ષ સંપૂર્ણ રીતનું સમર્પણ કરી દેતાં આવડે, અને જીવન કે મૃત્યુ, તંદુરસ્તી કે બીમારી એને લેશ પણ મહત્ત્વનું ન ગણીએ, તો તે જ ક્ષણે અમારું સારુંયે સ્વરૂપ પ્રેમ અને જીવનના તારા શાસન સાથે સંવાદમાં પહોંચી જાય છે અને શરીરની હરેક બેચેની ચાલી જઈ ને તેને સ્થાને એક સ્વસ્થ, ગહન અને શાંતિમય એવી એક સુંદર અવસ્થા પ્રગટી રહે છે.

મેં જોયું છે કે અમે જ્યારે કોઈ પણ શારીરિક સહનશક્તિ માગી લેતી પ્રવૃત્તિ હાથ લઈએ છીએ ત્યારે એ વિશેની મુશ્કેલીઓનો અગાઉથી જ જે વિચાર કરવા માંડીએ છીએ તે વસ્તુ જ અમને સૌથી વધુ થકવી નાખે છે. એના કરતાં, પ્રત્યેક ક્ષણે જે જે મુશ્કેલી ઊભી થાય તેનો જ માત્ર જો વિચાર કરીએ તો તે વધુ લાભકારક બને છે. એ રીતે કરતાં અમારે બહુ મોટો પ્રયત્ન કરવાનો રહેતો નથી. કારણ, અમારી પાસે જે શક્તિ હશે, એ મુશ્કેલીનો સામનો કરવાની જે તાકાત હશે તેટલા પ્રમાણમાં જ અમે પ્રયત્ન કરીશું. શરીર એ તો એક અદ્‌ભુત હથિયાર છે, પણ તેનો ઉપયોગ કેમ કરવો એની અમારા મનને કશી ખબર નથી, અને તેથી, મન શરીરને વધુ તરલ, વધુ મુલાયમ નથી કરતું, પણ આગળ આગળથી વિચારો કરીને અને ઊલટાં સૂચનો આપીને શરીરને તે એક પ્રકારની જડતામાં મૂકી આપે છે.

પરંતુ હે પ્રભુ, જગતની ઉત્તમમાં ઉત્તમ વિદ્યા તો એક જ છે, અને તે એ કે અમે તારી સાથે મિલન પામીએ, અમારી બધી વાત તને કહીએ, તારી અંદર જ જીવીએ, તું સ્વરૂપે જ બની રહીએ; અને આમ થયા પછી તારા સર્વસામર્થ્યનો આવિર્ભાવ કરી રહેલા માનવને માટે જગતમાં કોઈ ચીજ અશક્ય નહિ રહેશે.

પ્રભુ, એક નીરવ સ્તોત્રરૂપે, એક મૂક આરાધનારૂપે મારી અભીપ્સા તારા પ્રતિ ચડે છે, અને તારો દિવ્ય પ્રેમ મારા હૃદયને પ્રકાશિત કરે છે.

હે દિવ્ય ગુરુ, મારા તને નમસ્કાર છે!

૪ જાન્યુઆરી ૧૯૧૪

સ્થૂલ પદાર્થો વિશેના વિચારોની ભરતી હંમેશાં આછામાં આછી નિર્બળતાની વાટ જોઈને બેઠેલી જ હોય છે અને જો અમે અમારી જાગૃતિને એક ક્ષણ માટે પણ શિથિલ થવા દઈએ, અમે જો બેદરકાર રહીએ, પછી ભલે તે અલ્પાલ્પ પ્રમાણમાં હોય, તો એ ભરતી ધસી આવે છે અને અમારા ઉપર ચારે દિશાએથી હુમલો કરે છે, કોઈ વાર તો તેના ભારે પૂર હેઠળ અસંખ્ય પ્રયત્નોના પરિણામને ડુબાડી દે છે. તે પછી અમારા સ્વરૂપ ઉપર એક જાતની તંદ્રા ચઢી આવે છે, એ સ્વરૂપની ખોરાક અને ઊંઘની સ્થૂલ જરૂરિયાતો વધી પડે છે, એની બુદ્ધિ અંબારી થઈ જાય છે અને આ આટલી બધી ઉપરછલ્લી પ્રવૃત્તિઓમાં ખરેખર કશો જ રસ અનુભવાતો નથી હોતો છતાં એ ભરતી સ્વરૂપને પૂરેપૂરું ઘેરીને બેસી જાય છે. આ સ્થિતિ બહુ જ, બહુ જ ગ્લાનિજનક અને થકવી નાખનારી હોય છે, કેમકે સ્થૂલ વસ્તુઓ વિશેના વિચારો જેટલી થકવી નાખનારી વસ્તુ બીજી કોઈ પણ નથી, અને થાકી ગયેલું મન, પાંજરામાંનું પંખી પોતાની પાંખો ફફડાવી શકતું નથી છતાં પોતે મુક્ત રીતે ઊડી શકે તે માટે ઝંખતું રહે છે તેની માફક રિબાતું રહે છે.

પરંતુ કદાચ આ સ્થિતિમાં પણ કોઈ ઉપયોગિતા રહેલી હશે કે જે મને દેખાતી નથી... ગમે તેમ હો, હું જરા પણ ખેંચતાણ કરતી નથી; અને પોતાની માના હાથમાં ઢળેલા બાળકની માફક, ગુરુના ચરણમાં બેઠેલા કોઈ ઉત્સાહી શિષ્યની માફક, હું તારામાં મારો વિશ્વાસ ઢાળી દઉં છું અને તારા માર્ગદર્શનને મારું સમર્પણ કરી દઉં છું, તારા વિજયની ખાતરીપૂર્વક.

૧૩ ફેબ્રુઆરી ૧૯૧૪

એક તીવ્ર એકાગ્રતાની બનેલી નીરવતામાં બેઠેલી હું ઇચ્છી રહી છું કે હું મારી ચેતનાને તારી પરમ ચેતના સાથે જોડી દઉં, મને પોતાને તારી સાથે એકરૂપ કરી લઉં, હે અમારા સ્વરૂપના પરમ પ્રભુ, હે દિવ્ય પ્રેમ-ગુરુ, અને એ રીતે તારો નિયમ અમારા સમક્ષ દેખી શકાય તેવો અને સુસ્પષ્ટ બની રહો અને અમે કેવળ એ નિયમ દ્વારા, એ નિયમને અર્થે જ જીવન ગાળીએ.

જે ક્ષણે મારું ચિત્ત તારા પ્રતિ ઉર્ધ્વગમન આદરે છે અને પોતાને તારી સાથે જોડી દે છે ત્યારે સર્વ કાંઈ કેવું તો સુંદર, મહાન, સરલ અને શાંત બની જાય છે! અને જે દિવસે અમે આ પરમ પારદર્શક સ્થિતિને સતત ટકાવી રાખતા થઈ શકીશું ત્યારથી પછી અમે કેવા તો એકી સાથે હવામાં ઊડતાં અને જીવનમાં પાછાં પાકા પાયાવાળાં કદમો ભરતાં ભરતાં, સર્વ વિઘ્નોથી પર થઈને અને સર્વ સંકોચથી મુક્ત રહીને, કૂચકદમ કરતાં થઈ જઈશું. કારણ કે, મેં અનુભવથી જોયું છે કે, જે ક્ષણે અમે તારા નિયમથી સભાન બની જઈએ છીએ તે ક્ષણેથી સર્વ શંકા, સર્વ સંકોચ અટકી જાય છે; અને અમે જો માનવનાં સર્વ કર્મોની જે પારાવાર

સાપેક્ષતા છે તેને સ્પષ્ટ રીતે જોઈ શકીશું તો અમને, તે જ સમયે, ચોક્કસ અને પાકી રીતે, જણાઈ આવશે કે અમારા શરીર માટે, કર્મ માટેના અમારા સાધન માટે કઈ ક્રિયા ઓછામાં ઓછી સાપેક્ષ રીતની છે.... અને પછી વિઘ્નો સાચેસાચ જાણે ચમત્કાર થતો હોય તેમ અદશ્ય થઈ જાય છે. અમારા સર્વ પ્રયત્નો ત્યાર પછી, હે પ્રભુ, આ અદ્ભુત અવસ્થાનો વધુ ને વધુ સતત રીતે સાક્ષાત્કાર કરવા તરફ વળતા થશે.

તારી નિશ્ચિતતાની શાંતિ સર્વ હૃદયોમાં જાગૃત થાઓ!

૯ ફેબ્રુઆરી ૧૯૧૪

પ્રભુ, માનવજાતિના ઉત્તમ જનો તને ભલે ગમે તે નામ આપતા હોય, પરંતુ એક પરમ તત્ત્વના પિપાસુ બનેલા તેઓ તને આતુરભાવે શોધી રહેલા છે. જે લોકો તારાથી વધુ ને વધુ દૂર જતા દેખાય છે, જેઓ કેવળ પોતાની અંદર જ રચ્યાપચ્યા રહેતા હોય છે, તેઓ પણ શું એ સંવેદનમાં કોઈ પરમ તત્ત્વને, કોઈ પરમ તૃપ્તિને શોધી રહેલા નથી હોતા, અને એમની એ શોધ, મિથ્યાભિમાનથી ભરેલી હોય છે છતાં, એક દિવસે તે તારા પ્રત્યે વળી શકે છે; તું સર્વ પદાર્થના હાર્દમાં એટલો બધો તો આવી રહેલો છે કે તારા દ્વારા ખરાબમાં ખરાબ અહંકારો પણ અભીપ્સાઓના રૂપમાં ફેરવાયા વિના રહેવાના નથી.... માત્ર એક જ વસ્તુથી અમારે ડરવાનું છે, અને તે છે અચિત્‌ની જડતા, અંધ અને ભારમય અજ્ઞાનની જડતા. આ અવસ્થા અજ્ઞાનની, આ જે અનંત સીડી તારા પ્રત્યે ચડી રહી છે તેના છેક નીચેના છેડે આવેલી છે. અને પદાર્થતત્ત્વને સચેતનતામાં જન્મ આપવા માટે તેના આ આદિમ અંધકારમાંથી બહાર ખેંચી લાવવી એ માટે જ તું સર્વ પ્રયત્નો કરી રહ્યો છે. અચિત્ કરતાં તીવ્ર ભાવ એ તો વધુ પસંદ કરવા જેવી જ વસ્તુ છે. એટલે અમારે તો આ વિશ્વરૂપ અચિત્‌ના મૂળ આધાર ઉપર વિજય મેળવવા માટે સતત કૂચ કરતા રહેવું, અને અમારા સ્વરૂપ દ્વારા થોડે થોડે કરીને અચિત્‌ને તેજોમય સચેતનતામાં પલટી નાખવું એ જ કરવાનું રહે છે.

ઓહ! પ્રભુ, મધુર પ્રેમ-ગુરુ, સર્વ કોઈની અંદર મને તારાં કંઈ એવાં તો જીવંત, એવાં તો સચેતન દર્શન થઈ રહ્યાં છે કે હું તેને એક અસીમ ભક્તિભાવે આરાધી રહું છું.

૧૫ ફેબ્રુઆરી ૧૯૧૪

પ્રભુ, અનન્ય વાસ્તવિક્તા, પ્રકાશોના પ્રકાશ અને જીવનના જીવન, જગતના પરમ ઉદ્ધારક પ્રેમ, અમારી પ્રાર્થના છે કે તારા અખંડ સાંન્નિધ્યની સભાનતા પ્રત્યે અમે વધુને વધુ સંપૂર્ણ રીતે જાગૃત બનીએ, અને એમાંથી પછી અમારાં સર્વ કર્મો તારા નિયમ પ્રમાણે થતાં રહો અને અમારી સંકલ્પશક્તિ અને તારી સંકલ્પશક્તિ વચ્ચે લેશ પણ તફાવત ન રહો. અમે ઇચ્છીએ છીએ કે તું જે પરમ ચેતનારૂપે છે તેની સાથે અમારી ચેતનાને એકરૂપ કરવા માટે અમે ભ્રામક ચેતનામાંથી, તરંગોની દુનિયામાંથી બહાર નીકળી આવીએ.

આ ધ્યેય સિદ્ધ કરવા માટે અમને સંકલ્પશક્તિમાં સ્થિરતા આપ, સર્વ મૂર્છા અને પ્રમાદને ખંખેરી નાખે એવી દઢતા, શક્તિ અને હિંમત અમને આપ.

પ્રભુ, હું તને વિનંતી કરું છું, મારા સ્વરૂપમાંનું સર્વ કાંઈ તારી સાથે એકરૂપ થઈ જાઓ અને હું તારી પરમ પ્રવૃત્તિ પૂર્ણ રીતે જાગૃત બનેલા પ્રેમની કેવળ મશાલ જ બની રહું.

૧૦ એપ્રિલ ૧૯૧૪

એકાએક પરદો હઠી ગયો, ક્ષિતિજ પ્રગટ થઈ અને એ સ્પષ્ટ પ્રકાશમાં મારી આખી ચેતના, કૃતજ્ઞતાથી છલકાઈને તારાં ચરણોમાં ઢળી પડી. આવો ગહન અને સભર આનંદ ઉભરાઈ રહ્યો હતો છતાં ક્યાંય ક્ષોભ ન હતો. સર્વત્ર શાશ્વતીની શાંતિ વ્યાપેલી હતી... હવે જાણે મારામાં કોઈ મર્યાદાઓ રહી નથી. દેહભાવ ચાલ્યો ગયો છે.ઇન્દ્રિયોના સંવેદનો, લાગણીઓ, વિચારો એમાનું કશું રહ્યું નથી. એક નિર્મળ, વિશુદ્ધ, પ્રશાંત વિરાટ વિશાળતા જ માત્ર વ્યાપી રહી છે. પ્રેમ અને પ્રકાશથી એ તરબોળ બનેલી છે. એક શબ્દાતીત આનંદ એમાં છલકાઈ રહ્યો છે. હવે તો જાણે કે આ જ મારું સ્વરૂપ છે. અને આ 'હું' તે મારા પૂર્વ કાળના સંકુચિત, સ્વમગ્ન 'હું'થી એટલું તો જુદું જ છે કે એ તે 'હું' છુ કે'તું' તે કહેવું મુશ્કેલ છે, મારા પ્રભુ! અમારા ભાગ્યવિધાતા!

જાણે કે સર્વ પદાર્થો શક્તિ, ધૈર્ય, બલ, તપસ, અનંત માધુર્ય, અતુલિત કરુણાસ્વરૂપ બની ગયા છે...

છેલ્લા કેટલાયે દિવસો કરતાં વધુ જોરદાર રીતે મારો ભૂતકાળ મરી ગયો છે અને એક નૂતન જીવનનાં કિરણો હેઠળ જાણે કે દટાઈ ગયો છે. જ્યારે આ નોંધપોથીનાં થોડાંક પાછલાં પાનાં મેં હમણાં વાંચ્યાં ત્યારે મને નિશ્ચિતપણે આ મૃત્યુની ખાતરી થઈ ગઈ, અને એક બોજામાંથી હળવી બની હું એક બાળક જેવી એકદમ સરળ, એકદમ નગ્ન બનીને તારી સમક્ષ આવું છું, ઓ મારા દિવ્ય ગુરો... અને છતાં જે એક જ વસ્તુ મારી દષ્ટિમાં આવતી રહે છે એ છે પેલી શાંત અને નિર્મળ વિશાળતા...

પ્રભુ, મારી પ્રાર્થનાનો જવાબ તેં આપ્યો છે. મેં તારી પાસેથી માગ્યું તે તેં મને આપ્યું છે. 'હું' અદશ્ય થઈ ગયું છે. હવે તો તારી સેવામાં સમર્પિત થયેલું એક નમ્ર કરણ જ માત્ર હસ્તીમાં છે. તારી અનંત અને શાશ્વત જ્યોતિને એકાગ્ર બનવા માટેનું, પ્રગટ થવા માટેનું એ એક કેન્દ્ર જ બની રહ્યું છે. મારું જીવન તેં અપનાવી લીધું છે, તેને તારું બનાવી દીધું છે. મારી ઇચ્છાશક્તિને તેં લઈ લીધી છે અને તારી ઇચ્છાશક્તિ સાથે તેને જોડી દીધી છે. તેં મારો પ્રેમ લીધો છે અને તારા પ્રેમ સાથે તેને એકરૂપ કરી દીધો છે. તેં મારા ચિત્તને લઈ લીધું છે અને તેને સ્થાને તારી પરમ ચેતનાને સ્થાપી આપી છે.

અદ્‌ભુત રસથી ઊભરાતું મારું શરીર તારી ચરણધૂલિમાં પોતાનું મસ્તક મૂક અને નમ્રભાવે ઢાળી રહ્યું છે.

તારા સિવાય હવે બીજું કશું હસ્તીમાં નથી રહ્યું. તારી અક્ષય શાંતિની જ્યોતિ ઝળહળી રહી છે.

૧૭ નવેમ્બર ૧૯૧૪

હે પરમ સ્વામી, તારી તે કેવી ધીરજ હશે! જ્યારે જ્યારે તારી ચેતનાનો સંકલ્પ, ભૂલોને સુધારી લેવા માટે પોતાનો આવિર્ભાવ કરવા પ્રયત્ન કરે છે, પોતાના જ્ઞાનના ભ્રમ વડે આડે માર્ગ ચડી ગયેલી વ્યક્તિની અનિશ્ચયાત્મક આગેકૂચને ઝડપી બનાવે છે, એને માટે ચોખ્ખો રસ્તો દોરી આપવા અને એની ઉપર કોઈ જાતની ઠોકર ખાધા વિના ચાલવાનું બળ આપવાનો તું પ્રયત્ન કરે છે, ત્યારે એ લગભગ હંમેશાં એક જક્કી અને ખોટી માહિતી ધરાવનાર અધિવક્તાની માફક તને તરછોડી કાઢે છે. એ સિદ્ધાંતમાં, એક અસ્પષ્ટ અને અસંલગ્ન પ્રેમ સાથે તને ચાહવા તૈયાર હોય છે, પરંતુ એનું મગરૂરીભર્યું મન તારી ઉપર વિશ્વાસ મૂકવાનો ઇનકાર કરે છે અને તારા માર્ગદર્શન પ્રમાણે આગળ વધવાને બદલે એકલું રસળવાનું વધુ પસંદ કરે છે.

અને તું હમેશાં તારા વણથાક્યા કરુણાભાવ સાથે સ્મિતપૂર્વક ઉત્તમ આપે છેઃ ''આ બુદ્ધિરૂપી કરણ જે મનુષ્યને મિથ્યાભિમાની બનાવે છે અને ભૂલો કરવા પ્રત્યે દોરી જાય છે, તે જ કરણ જો એક વાર પ્રકાશિત અને શુદ્ધ બને તો એ એક આગળ, વૈશ્વિક પ્રકૃતિ કરતાં પણ વધુ ઊંચે, આપણા સૌના પ્રભુ પ્રત્યે સીધા અને સભાન સંપર્ક સ્થાપવા પ્રત્યે દોરી જાય, એ પ્રભુ કે જે સર્વ આવિર્ભાવોથી પર છે. આ વિભાજક બુદ્ધિ જે એને માટે મારાથી અલગ રહેવાનું શક્ય બનાવે છે, તે જ બુદ્ધિ એને ચઢવાનાં ચઢાણો ઉપર આરોહણ કરાવી શકે છે, એની આગેકૂચ આખાયે વિશ્વની અમાપ અને સંકુલ સમગ્રતા (જે પોતે એટલી ઝડપથી આરોહણ કરી શકતી નથી) તેની આગેકૂચને અટકાવી શકતી નથી.''

હે દિવ્ય મા, તારા શબ્દો આશ્વાસન અને આશિષ આપે છે, શાંતિ અને પ્રકાશ આપે છે, તારો ઉદાર હસ્ત પેલા અનંત જ્ઞાનને ઢાંકી રાખનાર પડદાના એક સળને ખુલ્લો કરી દે છે.

તારા ચિંતનની દીપ્તિ, કેટલી શાંત, મહાન અને શુદ્ધ છે!

૨૦ નવેમ્બર ૧૯૧૪

પ્રભુ, હું તો તારી સમક્ષ એક સાવ કોરા પારા જેવી બની રહેવા માગું છું, કે જેથી તારી ઇચ્છા તેના પર કશીયે મુશ્કેલી વિના, કશાયે મિશ્રણ વિના અંકિત થઈ જાય.

કદીક તો ભૂતકાળની અનુભૂતિઓની ખુદ સ્મૃતિને પણ ચિત્તમાંથી સાવ ભૂંસી નાખવાની રહે છે. એ સ્મૃતિને એમ ભૂંસી નાખીએ તો જ તે આ વિશ્વના સતત થતા રહેતા નવસર્જનમાં પછી આડખીલી બનતી નથી. આ સાપેક્ષતાઓની બનેલી સૃષ્ટિમાં, આ

અસ્ખલિત થતા રહેલા નવસર્જન દ્વારા જ તારો પૂર્ણ આવિર્ભાવ બનવાનો છે.

અમે ઘણીયે વાર ભૂતકાળને ખૂબ જ વળગી રહીએ છીએ. અમને ડર લાગે છે કે આ કોઈ કીમતી અનુભૂતિ થઈ તેનું પરિણામ ચાલ્યું ગયું તો શું થશે, આ એક વિશાળ ઊર્ધ્વ ચેતના અમને મળી તે મૂકી દઈશું અને પછી પાછા કોઈ નીચલી અવસ્થામાં સરી પડ્યા તો અમારું શું થશે!

પરંતુ , જે વ્યક્તિ તારી થઈ ચૂકેલી છે તેણે શાનાથી ડરવાનું હોય? એણે તો શું, પોતાના આત્માને અધિક ને અધિક વિશાળ કરતા રહીને અને પોતાના લલાટ પર પ્રકાશનું મંડીલ પહેરીને, તું એને માટે જે કોઈ માર્ગ આંકી આપે, પછી તે ગમે તે માર્ગ હો, તેની મર્યાદિત બુદ્ધિને તે સાવ અગમ્ય જ રહેતો હોય તો પણ, એ માર્ગે જ શું ચાલ્યા જવાનું નથી?

પ્રભુ, વિચારનાં આ જૂનાં ચોકઠાંને ભાંગી દિયો, ભૂતની અનુભૂતિઓને ભૂંસી નાખો, અમારા સભાન રીતના સમન્વયોને પણ, આપને જરૂરી લાગે તો વિખેરી નાખો અને એમ આપનું કાર્ય પૃથ્વી ઉપર વધુને વધુ સારી રીતે સિદ્ધ થાઓ, આપની સેવાનું કાર્ય પૂર્ણતાને પામો.

૧૦ ડિસેમ્બર ૧૯૧૪

સાંભળ, હે પ્રભુ... એક ગહન અંતર્મુખતાની નીરવતામાં, મારી પ્રાર્થના આર્તભાવે તારા પ્રત્યે આરોહણ કરે છે.

એક મનોમય રચના ગમે તેટલી શક્તિશાળી અને વિસ્તૃત હોય, પરંતુ એને પોતાના સ્વરૂપનું, પોતાના અનુભવોનું અને પ્રવૃત્તિના જીવન સરખું કેન્દ્ર બનાવી દેવાય એટલે અંશે કોઈ વિચારની આકૃતિ સાથે પોતાની જાતનું તાદાત્મ્ય કરી દેવું એ, એક પ્રકારની મૂર્ખાઈ નથી? આપણે એના વિશે જે કાંઈ વિચારીએ અને કહીએ તે સર્વ કરતાં સત્ય તો શાશ્વતપણે બહાર જ હોય છે. આ સત્યને ઉત્તમ રીતે, સુખદાયક રીતે બંધબેસતી આવે એવું અભિવ્યક્તિનું રૂપ શોધી કાઢવા પ્રયત્ન કરવો એ જરૂર ઉપયોગી છે અથવા વ્યક્તિની પોતાની સંપૂર્ણ ખીલવણી માટે અનિવાર્ય છે, પરંતુ વ્યક્તિએ પોતે આ સૂત્રથી હંમેશાં પોતાને સ્વતંત્ર અનુભવવી જોઈએ, પોતાની ચેતનાનું કેન્દ્ર એની ઉપર રાખવું જોઈએ, કારણ કે એ સૂત્રમાં ગમે તેટલી મહત્તા, સૌંદર્ય અને મનોમય રચનાની પૂર્ણતા હોય છતાં ખરું જોતાં, પેલું ચેતનાનું કેન્દ્ર સૌ સૂત્રબદ્ધતાથી પર રહે છે. જગતને આપણે જેવું માનીએ છીએ તેવું તે નથી. આપણામાં આ જગતને વિશે જે ખ્યાલ હોય છે તેની અગત્ય એ જેટલા પ્રમાણમાં આપણા કાર્ય પ્રત્યેના વલણને પરિણામદાયી બનાવે છે તેના ઉપર રહે છે; અને આ વલણનો આધાર કોઈ પ્રેરણા ઉપર હોઈ શકે છે કારણ કે એની ગહરાઈ, સત્ય અને અવિચલતા, ગમે તેટલી બળવાન પણ મનોમય રચના કરતાં વધારે હોય છે.

પોતાની અંદર, મનુષ્યો માટે, આ અગાઉ કોઈ પણ સમયે કરવામાં આવી હોય તેની વધુ સંપૂર્ણ, ઉચ્ચતર અને વધુ ચોક્કસ એવી સત્યની વ્યાખ્યા કરવાનો સંકલ્પ અનુભવાય એ સારી વસ્તુ છે; પણ તે એક શરતે કે આપણે એ કાર્ય સાથે આપણા ''હું'' ને એટલા બધા પ્રમાણમાં ન જોડી દઈએ કે જેથી આપણે તેના ગુલામ બની જઈએ અને એ સર્વની સામે આપણે આપણું સ્વાતંત્ર્ય અને જાત ઉપરનો કાબૂ ગુમાવી બેસીએ. એ એક પ્રવૃત્તિ કરતાં વધુ કાંઈ નથી, પછી પાર્થિવ દષ્ટિએ જોતાં એની ગમે તેટલી અગત્ય હોય; પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે, બીજી સર્વ પ્રવૃત્તિઓની માફક એ પણ સાપેક્ષ છે, અને આપણે એને આપણી ગહન શાંતિ અને અપરિવર્તનશીલ નિશ્ચલતાની કદી પણ બાધક ન બનવા દેવી જોઈએ, કારણ કે એ વસ્તુઓ વડે જ આપણે દિવ્ય શક્તિઓને આપણા દ્વારા, કોઈ પણ પ્રકારે વિકૃત બન્યા વિના પ્રગટ કરવા સક્ષમ બનાવીએ છીએ.

હે પ્રભુ, મેં મારી પ્રાર્થનાને શબ્દબદ્ધ કરી નથી, પણ તેં એને સાંભળી છે.

૧૧ જાન્યુઆરી ૧૯૧૫

પહેલાંના કોઈ પણ સમય કરતાં વધુ પ્રમાણમાં, મનોમય સ્વરૂપની અભીપ્સા તારા પ્રત્યે વધુ આવેગપૂર્ણ રીતે ઉપર ઊઠે છે.

એમાં અનંતતા અને શાશ્વતીનો ખ્યાલ હમેશાં રહેલો હોય છે. પણ એમ લાગે છે કે તારો સંકલ્પ એવો છે કે મને સર્વ પ્રકારના ધાર્મિક આનંદ અને આધ્યાત્મિક પરમાનંદોથી વિખૂટી પાડીને જુદી કાઢવી અને અત્યંત કઠોરપણે મને ભૌતિક સંજોગોમાં ડૂબાડી દેવી. હે પ્રભુ, સર્વ સ્થળે તારો પૂર્ણ આનંદ રહેલો છે, અને એની જે ભવ્ય બક્ષિસ તેં મને આપેલી છે તે કશાથી લઈ લેવાય તેવી નથી; દરેક સ્થળે અને દરેક સંજોગમાં એ મારી સાથે હોય છે; એ મારા સ્વરૂપે છે, જેમ હું તારા સ્વરૂપે છું તેમ. પરંતુ આ સર્વ કાંઈ, જેમ હોવું જોઈએ તેના પ્રમાણમાં કાંઈ નથી. તારો સંકલ્પ એવો છે કે આ ભારે અને અંધારઘેરા પદાર્થતત્ત્વમાંથી મારે તારા પ્રેમ અને જ્યોતિનો જ્વાળામુખી છૂટો મૂકવો જોઈએ. તારો એવો સંકલ્પ છે કે, ભાષાની સૌ પરિપાટીનાં પુરાતન બંધનો તોડી નાખીને તારી અભિવ્યક્તિ કરી શકે તેવો પહેલાં કદી ન સંભળાયેલો હોય એવો એક યોગ્ય શબ્દ પ્રગટ થવો જોઈએ; તારો એવો સંકલ્પ છે કે નીચેની ક્ષુદ્રમાં ક્ષુદ્ર વસ્તુઓ અને ઊર્ધ્વની સર્વોત્કૃષ્ટ અને અત્યંત વિસ્તૃત વસ્તુઓ વચ્ચે એક પૂર્ણ અદ્વૈત સ્થાપિત થવું જોઈએ; એટલા માટે જ, હે પ્રભુ, તેં મને સર્વ પ્રકારનાં ધાર્મિક સુખો અને આધ્યાત્મિક આનંદોથી વિખૂટી પાડીને, તારી ઉપર નિતાંતપણે એકાગ્રતા કરવાની સ્વતંત્રતા છીનવી લઈને, તેં મને કહ્યું છે કે, ''સામાન્ય સ્વરૂપોની વચમાં એક સામાન્ય મનુષ્યની માફક કાર્ય કર; જે કાંઈ અભિવ્યક્ત થઈ રહ્યું છે તેમના કરતાં જરા પણ વધારે આગળ પડતી ન હોઉં તેવી રીતની બનતાં શીખ; કારણ કે એ લોકો જે સર્વ કાંઈ જાણે છે, તેઓ જે કાંઈ છે, તેમનામાં તું તારી શાશ્વત ભવ્ય અને કદી પણ વિચલિત ન

થનારી જ્યોતિ ધારણ કરીને જાય છે, અને જ્યારે તું એમની સાથે હળીભળી જઈશ ત્યારે એ જ્યોતિને તું એમની વચમાં લઈ જઈશ. જ્યાં સુધી આ પ્રકાશ તારી અંદરથી જ પ્રસાર પામતો હોય ત્યાં સુધી તારે એનો આનંદ લેવાની જરૂર છે? જ્યાં સુધી તું મારો પ્રેમ બીજાઓને આપી શકતી હોઉં ત્યાં સુધી એનો સ્પંદ તું તારી અંદર પણ અનુભવું એવું જરૂરી લાગે છે? જ્યાં લગી મારી ઉપસ્થિતિની મહામુદાના પ્રતિનિધિ તરીકે મનુષ્યોમાં કાર્ય કરતી હોઉં ત્યાં સુધી શું તારે મારી પૂર્ણ હાજરીનો આનંદ ભોગવવાની જરૂર છે?

હે પ્રભુ, તારો જ સંકલ્પ સર્વાંશે સિદ્ધ થાઓ! મારે માટે એ જ સુખરૂપ વિધાન છે.

૧૦ જાન્યુઆરી ૧૯૧૭

તો તારો સંકલ્પ એવોછે કે મારા સ્વરૂપને લક્ષ્યરૂપ રાખીને કરેલો સર્વ પ્રયત્ન મિથ્યા અને નિરૂપયોગી છે? જે ક્રિયાની પાછળ તારી કૃપાનાં કિરણો વહાવવાનો હેતુ હોય છે તે જ ક્રિયા સરળતાપૂર્વક અને સફળતાપૂર્વક થઈ શકે છે. જ્યારે સંકલ્પ પોતાને કોઈ બાહ્ય પરિણામ માટે બહાર પાડે છે ત્યારે એ શક્તિશાળી અને અસરકારક હોય છે; જ્યારે એ પોતાને અંતર્મુખ થતી ગતિમાં મૂકે છે ત્યારે એનામાં કશું બળ કે પ્રયત્નની શક્તિ હોતી નથી.... આમ, વ્યક્તિગત પ્રગતિ માટે હાથ ધરવામાં આવતું હરેક કર્મ વધુ ને વધુ બિનફળદાયી નીવડે છે, અને પરિણામે, વધુ ને વધુ આછું થાય છે. બીજી બાજુએ જોતાં, આંતરિક કાર્યે જે ગુમાવ્યું હોય છે તે સર્વને બાહ્ય કર્મ અસરકારક રીતે પ્રાપ્ત કરી લાવે છે. હે પ્રભુ, તું આ રીતે આ કરણને, તે જેવું છે તે રીતે હાથ ધરે છે, અને જો એણે સુસંસ્કૃત બનવું હશે તો તે વસ્તુ તારા કાર્ય વડે જ સિદ્ધ થશે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૧)

***

This book is meant for those who aspire for an utter consecration to the Divine.

The Mother

વિભાગ–૩
રોજબરોજના જીવનમાં આધ્યાત્મિકતાનું આચરણ

તમારા પોતાના વાતાવરણ (આધ્યાત્મિક)નું સર્જન કરો.

તમારા વિચારો ઉપર નિયંત્રણ કરીને, ફક્ત સાધના તરફ જ વિચારોને વાળીને, તમારા કાર્યને નિયમનમાં રાખીને, બધી જ કામનાઓ, બધી જ નકામી, બાહ્ય, સામાન્ય ક્રિયાઓનો ત્યાગ કરીને, એક તીવ્ર આંતરજીવન જીવીને અને સામાન્ય વસ્તુઓમાંથી, સામાન્ય વિચારોમાંથી સામાન્ય પ્રતિઘાતોમાંથી, સામાન્ય કાર્યોમાંથી મુક્ત થઈને તમે તમારા વાતાવરણનું સર્જન કરી શકો. અને પછી તમે તમારી આજુબાજુ એક પ્રકારના વાતાવરણનું સર્જન કરો છો.

દા.ત. ગમે તે નકામું વાચન કરવું અને ગપ્પાં મારવાં અને ગમે તેવું નકામું કાર્ય કરવાને બદલે, જો તમે એવી જ વસ્તુનું વાચન કરો જે આધ્યાત્મિક માર્ગનું અનુસરણ કરવામાં મદદરૂપ થાય, જે તમને દિવ્ય સાક્ષાત્કાર તરફ દોરી જાય એવી રીતે જ કાંઈક કરો, જો તમે તમારી અંદર રહેલી કામનાઓ અને આવેગોનો તમારી અંદરથી ઉચ્છેદ ઉડાવી દો, જો તમારા મનોમય સ્વરૂપને તમે સ્થિર બનાવો, જો તમારા કામનામય સ્વરૂપને શાંત પાડો, જો તમે બહારથી આવતાં સૂચનો પ્રત્યે તમારી જાતને બંધ કરી દો, અને તમારી આજુબાજુ રહેલા માણસોના કાર્ય પ્રત્યે અવિચલ રહો, તો તમે એવા પ્રકારના આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કરો જેથી કોઈ પણ વસ્તુ તમને સ્પર્શ ન કરે. અને આ વસ્તુ કોઈ પણ સંજોગો ઉપર કે તમે જેમની સાથે રહેતા હો, તેમના ઉપર અથવા તમે જે પરિસ્થિતિઓમાં રહેતા હો તેની ઉપર કોઈ પણ પ્રકારનો આધાર રાખતી નથી, કારણ કે તમે તમારા પોતાના આધ્યાત્મિક વાતાવરણમાં વીંટળાયેલા હો છો. અને આ રીતે માણસ તે વસ્તુને પ્રાપ્ત કરે છે; પોતાનું ધ્યાન કેવળ આધ્યાત્મિક જીવન પ્રત્યે વાળવાથી તમને આધ્યાત્મિક જીવન પ્રત્યે દોરી જાય એવું જ કાર્ય કરવું વગેરે વગેરે. તો પછી તમે તમારું પોતાનું વાતાવરણ સર્જો છો. પરંતુ સ્વાભાવિક રીતે જ તમે બધાં બારણાં ખોલી નાખો, લોકો જે કહે તે બધું સાંભળો, તમે આ માણસની સલાહ માનો અને પેલાની પ્રેરણાને અનુસરો અને બાહ્ય વસ્તુઓ માટેની કામનાઓથી ભરેલા હો, તો તમે તમારા પોતાના માટે આધ્યાત્મિક વાતાવરણનું સર્જન કરી શકો નહીં. બીજા બધાને હોય છે તેવું સામાન્ય વાતાવરણ તમારી પાસે હશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૩૪૬)

***

અનંતતા આપણી સમક્ષ ખુલ્લી પડી છે; એમાં ડૂબકી લગાવો.

જ્યારે કોઈ વસ્તુ કંટાળો આપે, દર્દ આપે અથવા અપ્રસન્ન કરે ત્યારે જો તમે સમયની શાશ્વતીનો અને અવકાશની અનંતતાનો વિચાર કરવાનું શરૂ કરો, જો તમે પહેલાં જે વસ્તુઓ પસાર થઈ ગઈ અને હવે પછી ભવિષ્યમાં આવનાર વસ્તુઓનો વિચાર કરો, અને એમ વિચારો કે આ ક્ષણ ફક્ત શાશ્વતીનો એક ઉચ્છ્વાસ છે અને કોઈ વસ્તુથી અસ્વસ્થ થવું એ કેટલું હાસ્યાસ્પદ છે... જે શાશ્વતીના સમયમાં છે તેના વિશે સભાન થવા માટે માણસ માટે સમય પણ નથી, જગા પણ નથી અને અગત્ય પણ નથી. કારણ કે શાશ્વતીમાં એક સેકંડની કઈ ગણતરી ? જો તે સમજવાની કોઈ દરકાર કરે... કેવી રીતે મૂકું... તેનું દર્શન કરવા માટે પોતે કેટલો નાનો છે, તેનું ચિત્ર કરવા માટે, પોતે નાનકડી પૃથ્વી ઉપર છે તેમાં ચેતનાની નાની ક્ષણ માટે, જે ક્ષણ તમને દર્દ પહોંચાડે છે અથવા દુઃખદાયક છે, ફક્ત આટલી જ વસ્તુ માટે - જે પોતાની અંદર તમારા અસ્તિત્વમાં ફક્ત એક જ ક્ષણ છે, તમારા સ્વરૂપની કેટલી બધી વસ્તુઓ પહેલી બની ગયેલ અને ઘણી વસ્તુઓ હવે પછી બનશે, અને અત્યારે જે વસ્તુ અસર કરે છે તેને તમે દસ વર્ષમાં કદાચ ભૂલી પણ ગયા હશો અથવા કદાચ યાદ આવે તો તમે જ કહેશો, ''શા માટે એ વસ્તુને મારાથી એટલી બધી અગત્ય અપાઈ ગઈ ?... જો તમે પેલી વસ્તુને પ્રથમ જાણી શકો અને તમારું નાનું વ્યક્તિત્વ જે શાશ્વતીમાં ફક્ત એક જ સેકંડ પૂરતું છે, પૂરી સેકંડ જેટલું પણ નહીં, શાશ્વતીની સેકંડનો એક નાનકડો ભાગ, અને એમ જોઈ શકે કે આખું જગત આની પહેલાં ખૂલી ગયેલું છે અને હજુ ખૂલ્યા જ કરશે, અનંત રીતે, આગળ અને પાછળ અને આવું બધું... વારુ તો પછી તમે ઓચિંતા એમ અનુભવશો કે તમારી સાથે જે વસ્તુ બની ગઈ તે કેટલી હાસ્યાસ્પદ હતી... અને તમે ખરેખર એમ અનુભવો... કે તમારા જીવનમાં, તમારી જાત સાથે જે જે વસ્તુઓ બને છે તેને કોઈ પણ અગત્ય આપવી એ કેટલી બધી મૂર્ખતા છે... અને ત્રણ મિનિટના ગાળામાં જો આ વસ્તુ તમે કરી શકો તો તમારી બધી જ નારાજી દૂર થઈ જશે. ઘણું ઊંડું દર્દ પણ સાફ થઈ જશે. ફક્ત આ પ્રકારની એકાગ્રતામાં અને પોતાની જાતને અનંતતામાં અને શાશ્વતીમાં મૂકી દેવાની. દરેક વસ્તુ ચાલી જાય છે. માણસ સ્વચ્છ બનીને તેમાંથી બહાર નીકળે છે. માણસ બધી જ આસક્તિઓમાંથી મુક્ત થઈ શકે છે, ઊંડા દર્દમાંથી, હું કહું છું – દરેક વસ્તુમાંથી – આ રીતે જો કોઈ જાણે કે આ વસ્તુ સાચી રીતે કેમ કરવી તો તે તમને તમારા નાનકડા અહંમાંથી બહાર કાઢે છે. તો આપણે આ સ્થિતિમાં છીએ.

(શ્રી માતૃવાણી ગ્રંથ : ૬ : પૃ. ૩૩૫-૩૬)

***

વિશાળતાની લાગણીથી તમારી જાતને અભિભૂત થવા દેશો નહિ; એ વિશાળતામાં આનંદપૂર્વક અને સ્વસ્થતાપૂર્વક સ્નાન કરો. આપણી વ્યક્તિગત ચેતનાની ચાર દીવાલો વચ્ચે છૂટી ન શકાય એ રીતે આપણે એમાં પુરાઈ રહીએ તો એ ખરેખર દુઃખદાયક અને

કચડી નાંખનારું બની રહે - પરંતુ અનંતતા આપણી સમક્ષ ખુલ્લી પડી છે. આપણે એમાં ડૂબકી લગાવવાની છે. (CWM : 17 : 188)

અલગ પ્રકારનું ધ્યાન

ધ્યાન કરવું એ ઘણું જ અઘરું છે. ધ્યાન અનેક રીતનાં હોય છે... તમે કોઈ એક વિચાર લઈ શકો છો અને તેની પાછળ પાછળ જઈને અમુક પરિણામમાં પહોંચી શકો છો — આ સક્રિય રીતનું ધ્યાન હોય છે. અમુક લોકો કોઈ પ્રશ્ન ઉકેલવાનો પ્રયત્ન કરતા હોય છે કે લેખન કરવા ઇચ્છતા હોય છે તો, તેઓ પણ — પોતે ધ્યાન કરી રહ્યા છે, તે જાણ્યા વિના — ધ્યાન કરતા હોય છે. તો બીજા કેટલાક વળી આસન લગાવીને બેસી જાતા હોય છે અને કોઈ વિચારનું અનુશીલન કર્યા વિના, કોઈ વસ્તુ ઉપર એકાગ્ર થવાનો પ્રયત્ન કરતા હોય છે. એ લોકો એકાગ્ર થવાનો પ્રયત્ન કરતા હોય છે. એ લોકો પોતાની એકાગ્રતાની શક્તિને વધુ તીવ્ર કરવા માટે એક બિંદુ ઉપર એકાગ્રતા કરતા હોય છે; અને ત્યાર પછી તમે એક બિંદુ ઉપર એકાગ્રતા કરો અને સામાન્ય રીતે જે બનતું હોય છે તે બને છે. તમે કોઈ એક બિંદુ ઉપર મનના, પ્રાણના કે શરીરના બિંદુ ઉપર એકાગ્રતાની તમારી શક્તિને પૂરતા પ્રમાણમાં એકત્રિત કરવામાં સફળ થાઓ છો. ત્યારે અમુક ક્ષણે તમે એ બિંદુની આરપાર નીકળી જાઓ છો અને બીજી ચેતનામાં પ્રવેશ પામો છો. વળી બીજા કેટલાક લોકો પોતાના મગજમાંથી બધી ક્રિયાઓને, વિચારોને, પ્રતિસંવેદનો અને પ્રત્યાઘાતોને હાંકી કાઢવાનો પ્રયત્ન કરતા રહે છે અને આખરે એક સાચી નીરવ શાંતિમાં પહોંચે છે. આ ખૂબ જ મુશ્કેલ વસ્તુ છે. કેટલાક લોકોએ ૨૫ વર્ષ સુધી એ રીતે કરવાનો પ્રયત્ન કર્યો છે અને સફળ થયેલા નથી. કારણ કે એ રીત તો આખલાને તેનાં શિંગડાંથી પકડવા જેવી વસ્તુ છે.

એક બીજી રીતનું ધ્યાન એવું છે કે એમાં તમે બની શકે તેટલા શાંત બની રહો છો, પણ એમાં તમે સર્વ વિચારોને અટકાવવાનો પ્રયત્ન કરતા નથી; કેમ કે કેટલાક વિચારો સાવ યાંત્રિક જેવા હોય છે, અને એમને અટકાવવાનો પ્રયત્ન કરશો તો તે માટે તમારે વરસો જોઈશે — અને વળી પરિણામ શું આવશે તેની તમને કશી ખાતરી રહેશે નહિ. એમ કરવાને બદલે તમે તમારી આખીયે ચેતનાને ભેગી કરી લો છો, અને બને તેટલા શાંત અને શાંતિમય રહો છો. બાહ્ય વસ્તુઓમાં તમને જાણે જરા પણ રસ નથી એ રીતે તમે તેમાંથી તમારી જાતને પાછી ખેંચી લો છો. અને એકાએક તમે અભીપ્સાની પેલી જ્યોતિ પેટાવી લો છો અને તમારી પાસે જે જે કાંઈ આવે તે તમામને તમે એ જ્યોતિમાં હોમતા રહો છો અને એ રીતે એ જ્યોતિ વધુને વધુ ઊંચી ચડતી જાય છે, વધુને વધુ એ જ્યોતિ સાથે તમે તદ્‌રૂપ થઈ જાઓ છો અને તમારી ચેતના અને અભીપ્સાના અંતિમ બિંદુએ તમે પહોંચી જાઓ છો. તમે બીજા કશાનો વિચાર કરતા નથી — માત્ર, એક અભીપ્સા

ઊંચે ચડતી રહે છે, ચડતી રહે છે — પરિણામનો તમે પળ માટે પણ વિચાર કરતા નથી, શું થશે અને ખાસ તો શું નહિ થાય તેનો કોઈ પણ વિચાર તમે કરતા નથી અને સૌથી વિશેષ તો તમને કાંઈક થાય એવી ઇચ્છા પણ તમે નથી કરતા — એક અભીપ્સાનો આનંદ બની રહે છે અને એ અભીપ્સા ઊંચે ને ઊંચી ચડતી રહે છે, ચડતી રહે છે. એક સતત અખંડ એકાગ્રતામાં પોતાને વધુને વધુ તીવ્ર બનાવતી રહે છે. અને એવે વખતે, હું તમને ખાતરી આપું છું કે, જે વસ્તુ બનતી હોય છે તે શક્ય તેટલી સારામાં સારી વસ્તુ હોય છે. એટલે કે તમે આ વસ્તુ કરી રહ્યા હો છો તે ક્ષણે તમારી શક્યતાઓનું ઊંચામાં ઊંચું શિખર સિદ્ધ થતું હોય છે. આ શક્યતાઓ વ્યક્તિ વ્યક્તિએ બહુ જુદા પ્રકારની હોઈ શકે છે; પણ એમાં પછી આપણે આ બધી જે ચિંતા કરીએ છીએ - નીરવતા મેળવવી, અભાસોની પાછળ જવું, જવાબ આપતી શક્તિને બોલાવવી, તમારા પ્રશ્નોના જવાબ માટે રાહ જોવી, એ બધું એક અવાસ્તવિક વરાળની માફક અદૃશ્ય થઈ જાય છે; અને તમે જો આ જ્યોતિમાં, ઊંચે ચડતી અભીપ્સાના આ સ્થંભમાં, સભાન રીતે રહેવામાં સફળ બની શકો તો તમે જોશો કે તમને તાત્કાલિક પરિણામ કાંઈ ન પણ જણાય તો પણ, થોડા વખત પછી તમને કોઈક વસ્તુ આવી મળશે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૪ : પૃ. ૧૧૮-૧૨૦)

પોતાની તમોમયતામાંથી બહાર નીકળી આવવું

પ્રશ્ન : માતાજી, ગયે વખતે તમે અમને કહેલું કે ઘણી વખત આપણી અંદર એક તમોમય તત્ત્વ હોય છે જે... જે અમને સૂચના આપે છે..... જે અમારી પાસે મૂર્ખાઈઓ કરાવે છે. એટલે તમે કહેલું કે જ્યારે કોઈ વ્યક્તિ આ તત્ત્વ વિશે સચેતન બને ત્યારે તેણે તેને બહાર ઉખેડીને ફેંકી દેવું જોઈએ.

તો પછી તેને કઈ રીતે બહાર ખેંચી કાઢવું ?

ઉત્તર : તેના માટે સૌથી પ્રથમ તો તમારે તેને વિશે સચેતન બનવું જોઈએ, તમે સમજ્યા, તેને તમારી સામે ખડું કરી દો. અને તમારી ચેતનાની સાથે એ જે કડીઓથી સંકળાયેલું હોય તેને કાપી નાખો. એ એક આંતર માનસશાસ્ત્રનું કાર્ય છે. તમે જાણો છો.

જ્યારે માણસ પોતાની જાતનો ઝીણવટભર્યો અભ્યાસ કરે છે ત્યારે તે જોઈ શકે છે કે... ... દા.ત. તમે તમારી જાતનું નિરીક્ષણ કરો ત્યારે તમે એક દિવસે જોઈ શકશો કે તમે ખૂબ ઉદાર છો. આપણે આ દાખલો લઈએ. તે સમજવો સહેલો છે. ખૂબ ઉદાર; તમારી લાગણીઓમાં ઉદાર, તમારાં સંવેદનોમાં ઉદાર, તમારા વિચારોમાં ઉદાર, અને સ્થૂલ વસ્તુઓમાં પણ; એટલે કે, તમે બીજાઓની ક્ષતિઓ સમજો છો, તેમના હેતુઓ, નબળાઈઓ અને ઘૃણાસ્પદ ક્રિયાઓ, તમે આ બધું જુઓ છો અને તમે સુંદર લાગણીઓથી, ઉદારતાથી ભરેલા છો. તમે તમારી જાતને કહો છો. ''સારું... દરેક વ્યક્તિ પોતાનાથી સૌથી સારું બની શકે તેમ કરે છે!'' - તે પ્રમાણે.

બીજે દિવસે - અથવા બીજી જ ક્ષણે - તમે નોંધ લેશો કે તમારી પોતાની અંદર એક પ્રકારની શુષ્કતા, જડતા, કોઈક પ્રકારની કડવાશ જે બીજાઓનો કડક ન્યાય કરે છે અને જે બીજાઓ પ્રત્યે ઘૃણા ધરાવે છે. જે તમારામાં દોષની લાગણી અનુભવે છે અને પછી તમને દુષ્ટ કર્મો કરનારને સજા આપવાની ઈચ્છા થાય છે અને પછી તમારામાં વેરવૃત્તિ જાગ્રત થાય છે. તમારામાં પહેલાં જે હતું તેનાથી બિલકુલ વિરુદ્ધ. કોઈક દિવસે કોઈક તમને નુકશાન કરે છે અને તમે કહો છો, ''કાંઈ વાંધો નહીં ! તેને ખબર નહોતી.'' અથવા ''તે બીજું કાંઈ કરી શકે તેમ નહોતો.'' ... ... અથવા ''એ તો તેનો સ્વભાવ છે'', અથવા ''તે સમજી શકતો નથી !'' અને બીજે જ દિવસે અથવા એક કલાક પછી તમે કહો છો, ''તેને સજા મળવી જ જોઈએ ! તેણે તે બદલ સહન કરવું જ પડશે ! એક પ્રકારના ગુસ્સાથી, અને તમારે વસ્તુઓને હાથમાં લેવી છે, તમારે તમારા માટે જ તે વસ્તુઓ રાખવી છે, તમને બધા જ પ્રકારની અદેખાઈની લાગણી થાય છે, ઈર્ષ્યાની, સંકુચિતતાની, તમે સમજ્યા. પહેલાંની બીજી બધી લાગણીઓ કરતાં બિલકુલ ઊલટા પ્રકારની.

આ તમસયુક્ત બાજુ છે, અને તેથી જે ક્ષણે માણસ તેને જુએ ત્યારે જો માણસ તેની સામે જુએ અને એમ ન કહે, ''તે હું છું.'' જો વ્યક્તિ કહે, ''ના, એ તો મારો પડછાયો છે. તે મારું એવું સ્વરૂપ છે જેને મારે મારી પોતાની અંદરથી બહાર ફેંકી દેવું પડશે,'' માણસ તેના ઉપર બીજા ભાગનો પ્રકાશ મૂકે છે અને તે બન્નેને સામસામે લાવીને ઊભા રાખે છે : અને બીજા ભાગના જ્ઞાન અને પ્રકાશ વડે જો તેને સમજાવવા ખૂબ પ્રયત્ન ન કરે — કારણ કે એ બહુ કઠિન વસ્તુ છે — પરંતુ જો વ્યક્તિ તેને શાંત રહેવાની ફરજ પાડે, તેનાથી દૂર ઊભા રહેવાની, તો પછી માણસ તેને ખૂબ દૂર ફેંકી દઈ શકે છે જેથી કરીને તે પાછું ફરીને આવે નહિ — તેના ઉપર મહાન પ્રકાશ ફેંકે છે. કેટલાક એવા દાખલાઓ છે જેમાં તે બદલાઈ શકે છે, પણ એવા તો બહુ વિરલ છે, કેટલાક એવા પ્રસંગો છે જેમાં આ તત્ત્વો ઉપર અથવા પોતાની છાયા ઉપર એટલો બધો તીવ્ર પ્રકાશ ફેંકે છે કે તેમનું રૂપાંતર કરે છે અને તે બદલાઈ જઈને તમારા સ્વરૂપનું સત્યમાં રૂપાંતર થઈ જાય છે.

પરંતુ આ વિરલ વસ્તુ છે... ... તે થઈ શકે છે, પણ તે ઘણી વિરલ વસ્તુ છે. ઘણે ભાગે, સૌથી સારી વસ્તુ એ છે કે એમ કહેવું ''ના, આ હું નથી ! મારે તેની જરૂર નથી ! મારે અને આ ક્રિયાને કાંઈ લેવાદેવા નથી. તે મારે માટે અસ્તિત્વ ધરાવતી નથી. એ મારી પ્રકૃતિથી કાંઈક બિલકુલ વિરોધી વસ્તુ છે !'' અને આ રીતે તમારી જિદની અણી બતાવીને તેને તમે હાંકી કાઢો તો વ્યક્તિ છેવટે પોતાનામાંથી તેને અલગ કરી દે છે.

પરંતુ પ્રથમ તો માણસે પૂરતા પ્રમાણમાં સ્પષ્ટ અને સચ્ચાઈ ભરેલા બનવું જોઈએ જેથી કરીને તે પોતાની અંદર, પોતાની જાત સાથે ચાલતા સંઘર્ષને જોઈ શકે. ઘણું ખરું માણસ આ વસ્તુઓ ઉપર કોઈ પ્રકારનું ધ્યાન આપતો નથી. માણસ એક અંતિમ છેડાથી

બીજા છેડા તરફ ચાલ્યો જાય છે. તમે જોઈ શકો છો, તમે કહી શકો છો, ઘણા સીધા સાદા શબ્દોમાં મૂકીએ તો : એક દિવસ હું સારો હોઉં છું અને બીજે દિવસે હું ખરાબ હોઉં છું. અને આ સાવ સ્વાભાવિક લાગે છે. ... અથવા તો કેટલીક વખત એક કલાક માટે તમે સારા હો એમ લાગે અને બીજા જ કલાકે તમે દુષ્ટ બની જાઓ છો : અથવા તો કેટલીક વખત તમે આખા દિવસ દરમિયાન સારા બની રહો છો અને ઓચિંતા તમે દુષ્ટ બની જાઓ છો. ફક્ત એક મિનિટ માટે ઘણા દુષ્ટ, જેટલા સારા હતા તેનાથી પણ વધારે દુષ્ટ ! ફક્ત માણસ તેનું નિરીક્ષણ કરતો નથી. વિચારો મગજની આરપાર ચાલ્યા જાય છે, ભયંકર, ખરાબ, ધિક્કારયુક્ત વસ્તુઓ, પેલાની પ્રમાણે... ઘણે ભાગે માણસ તે વસ્તુ ઉપર ધ્યાન આપતો નથી. પરંતુ આ વસ્તુને પકડી લેવી જોઈએ ! જેથી તે આવિર્ભાવ પામે કે તુર્ત તમારે તેને આ રીતે પકડવી જોઈએ. (માતાજી અભિનય કરી બતાવે છે) ખૂબ સખત પકડમાં અને પછી તેને પ્રકાશમાં પકડી રાખવી જોઈએ અને કહેવું જોઈએ, ''ના ! મારે તારી જરૂર નથી ! મારે - તારી - જરૂર - નથી ! મારે અને આ વસ્તુને કાંઈ પણ લેવાદેવા નથી ! તારે અહીંથી નીકળી જવાનું છે, અને તારે પાછા ફરવાનું નથી''.

(થોડા મૌન પછી) અને આ કાંઈક એવી વસ્તુ છે - એક એવો અનુભવ જે વ્યક્તિને દરરોજ થઈ શકે છે. અથવા લગભગ જ્યારે માણસમાં તે પ્રકારની ખૂબ ઉત્સાહની ક્રિયાઓ હોય. મહાન અભીપ્સાની, જ્યારે માણસ ઓચિંતા દિવ્ય ધ્યેય તરફ, પ્રભુની ઝંખના માટે સચેતન બને, જ્યારે તેને પ્રભુના દિવ્ય કાર્યની અંદર ભાગ લેવાની ઈચ્છા થાય, જ્યારે માણસ પોતાની જાતમાંથી તીવ્ર આનંદ અને મજબૂત શક્તિમાંથી બહાર આવે... અને પછી થોડાક કલાક પછી માણસ એક તુચ્છ નાની બાબત માટે દુઃખી બની જાય છે. માણસ એટલો બધો ક્ષુદ્ર, સંકુચિત, સાવ સામાન્ય, સ્વાર્થમાં ડૂબેલો બને છે, એક શુષ્ક કામનામાં... અને બાકીનું બધું હવામાં ઊડી જાય છે, જાણે કે તે વસ્તુનું અસ્તિત્વ જ નહોતું. માણસ આવી બધી વિરોધી વસ્તુઓથી બિલકુલ ટેવાયેલો હોય છે; તે આ વસ્તુઓ ઉપર ધ્યાન આપતો નથી અને તેથી જ આ બધી વસ્તુઓ ખૂબ સગવડતાપૂર્વક પાડોશીઓની માફક પાસે પાસે રહે છે. માણસે પ્રથમ તો આ બધી વસ્તુઓને શોધી કાઢવી જોઈએ અને તેની પોતાની ચેતનામાં તેમને સેળભેળ થવામાંથી અટકાવવી જોઈએ; તેમની વચ્ચેનો ભેદ પારખવો જોઈએ, પ્રકાશમાંથી છાયાનો ભેદ — પછી થી માણસ છાયામાંથી મુક્તિ પામી શકે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૬ પૃષ્ઠ ૨૫૫થી ૨૫૮)

ઉતાવળમાં હોઈએ ત્યારે પોતાનાથી શક્ય તેટલી ઉત્તમ રીતે કાર્ય કઈ રીતે કરવું ?

બાળક : જ્યારે આપણે કામ કરીએ છીએ અને શક્ય તેટલી સારામાં સારી રીતે કરવા

માગીએ છીએ ત્યારે સમય વધારે પ્રમાણમાં જોઈએ છે. પરંતુ સામાન્ય રીતે આપણી પાસે બહુ સમય હોતો નથી અને આપણે ભારે દબાણ હેઠળ હોઈએ છીએ. તો જ્યારે કામનું ભારે દબાણ હોય ત્યારે પોતાનાથી શક્ય તેટલી ઉત્તમ રીતે કામ કેવી રીતે કરવું ?

શ્રી માતાજી : આ એક ખૂબ રસપ્રદ વિષય છે અને મારે તેના વિશે એક દિવસ વિગતથી કહેવું એવી મારી ઇચ્છા હતી. સામાન્ય રીતે માણસો જ્યારે ઉતાવળમાં હોય છે ત્યારે તેમને કરવાનું કામ તેઓ પૂરી રીતે કરતા નથી અને જેટલું કરે છે તેટલું પણ ખરાબ રીતે કરે છે. પણ તો એક ત્રીજો રસ્તો પણ છે, અને એ છે પોતાની એકાગ્રતાને સઘન કરવાનો. જો તમે એમ કરો તો તમને અડધો સમય વધારે મળે છે અને તમારું કામ થોડા સમયમાં પણ કરી શકો છો. એક તદ્દન સાદો દાખલો લો : સ્નાન કરીને કપડાં પહેરવાની ક્રિયાનો : એ માટે જુદા જુદા લોકોને જુદો જુદો સમય લાગે છે, પણ આપણે એમ માની લઈએ કે, સમય ગુમાવ્યા સિવાય અને ઉતાવળ કર્યા સિવાય એ માટે અડધો કલાક જોઈએ. હવે પછી તમે ઉતાવળ કરો તો તમે સારી રીતે નહાતાં નથી કે પછી તમારાં કપડાં બરાબર રીતે પહેરતાં નથી ! પણ એમાં એક બીજો રસ્તો છે — તમારું ધ્યાન અને શક્તિ એકાગ્ર કરવાનો, તમે જે કરતા હો તેનો જ વિચાર કરો અને બીજી કોઈ વસ્તુ વિશે વિચાર ન કરો, કોઈ વધુ પડતી હિલચાલ ન કરો, બરાબર યોગ્ય રીતે યોગ્ય ક્રિયા કરો, અને (આ એક અનુભવમાં મૂકેલી વાત છે અને હું ખાતરીથી તે માટે કહી શકું છું) તમે પહેલાં જે વસ્તુ અર્ધા કલાકમાં કરતા, તે તમે પંદર મિનિટમાં કરી શકો છો; અને તમે એટલી જ સારી રીતે કે તેથી પણ વધુ સારી રીતે કરી શકો છો; કશી વસ્તુ ભૂલી જતા નથી, કશી વસ્તુ કરવાની બાકી રાખતા નથી, અને આ સર્વ એકાગ્રતાની સઘનતાને કારણે થઈ શકે છે.

અને જે લોકો એમ કહેતા હોય કે 'ભાઈ, જો વસ્તુઓ બરાબર કરવી હોય તો વખત જોઈએ', તેમને માટે આ સારામાં સારો ઉત્તર છે. એમની વાત સાચી નથી હોતી, કારણ કે તમે જે કંઈ કરતાં હો — અભ્યાસ, રમત, કામ — એક જ ઉકેલ છે; તમારી એકાગ્રતાની માત્રા વધારો, કુદરતી રીતે, શરૂઆતમાં એને લઈને તમારામાં ઉશ્કેરાટની લાગણી થાય છે, પણ તમને મહાવરો પડે એટલે એ ઉશ્કેરાટ શમી જાય છે, અને એવો સમય આવે છે જ્યારે જે વસ્તુથી તમને થાક લાગતો હતો તેમ હવે થતું નથી. તમારું ધ્યાન વેરવિખેર, અન્ય વસ્તુઓ તમારું ભક્ષણ કરી જાય તેવું બનતું નથી, અને આ રીતે તમારા વિકાસના એક સાધન તરીકે તમે કામનો ઉપયોગ કરી શકો છો; નહિ તો પછી તમને એક અસ્પષ્ટ ખ્યાલ રહે છે કે તમારે તમારું કામ 'અંગત રસ વિના' કરવાનું છે. પણ એમાં એક ભયસ્થાન રહેલું છે. કારણ કે, તમે લાગલા જ અંગત રસના અભાવ અને બેદરકારી વચ્ચેનો ભેદ જાળવી શકતા નથી.

***

ફાજલ સમયનો સદુપયોગ

જીવનના વહેણમાં કેટલીયે વાર ખાલીપણું (રિક્તતા) આવી જાય છે. પરોવાયા વગરની પળો, કેટલીક મિનિટો, કોઈ વાર વધારે, અને પછી તમે શું કરો છો ? તરત જ તમે વિચલિત થઈ જાઓ છો અને વખત ગાળવા કંઈક મૂર્ખામી કે એવું કંઈક શોધી કાઢો છો. આ રોજની રામાયણ છે. નાનાંથી મોટાં બધાંય કંટાળામાંથી બહાર નીકળી જવા પોતાનો ઘણો વખત ગાળે છે. કંટાળો - કલાન્તિ એમની મનપસંદ વિરક્તિ છે અને એમાંથી છૂટવા માટે મૂર્ખ રીતે કામ કરવાનું થાય છે.

વારુ, એના કરતાં એક વધુ સારો રસ્તો છે, - સ્મૃતિનો.

તમને જ્યારે થોડો વખત મળે, પછી તે એક કલાક હોય કે થોડીઘણી મિનિટો હોય, ત્યારે તમારી જાતને આમ કહો : ''આખરે એકાગ્ર થવાનો, મારી જાતને એકઠી કરવાનો, મારા જીવનના હેતુને ફરીથી જીવવાનો, સત્યને અને શાશ્વતને મારી જાતને અર્પવાનો થોડો સમય મળ્યો છે.'' બહારના સંજોગોથી ત્રાસી ન જતા હો તેવા સમયમાં તમે જો આમ કરવાનું જારી રાખશો, તો તમે આ માર્ગે ઝડપથી આગળ વધશો. ગમે તેમ બોલબોલ કરવામાં, નકામી વસ્તુઓ કરવામાં, ચેતનાને નીચે લઈ જાય એવું વાંચવામાં — એથી વધારે ગંભીર બેવકૂફીઓની વાત કરતી નથી, — સમય બરબાદ કરવાને બદલે, તમારી જાતને બેશુદ્ધિમાં લઈ જવાને બદલે, સમયને બચાવવા — અને એ તો ઘણો ટૂંકો છે — અને વળી તમને જીવનને અંતે સમજાય કે ત્રણ ચતુર્થાંશ તકો તમે જતી કરી છે. એ દૃષ્ટિએ એથીયે ટૂંકો, — આ થાય એટલે બે ગણા સમયનો તમે ઉપયોગ કરો પણ એથી કાંઈ વળે નહીં, — તેના કરતાં મિતાહારી થવું, સમતોલ બનવું, ધીરજ રાખવી, શાંત રહેવું, પણ તમને મળતી તકને કદાપિ જતી કરવી નહીં; એટલે કે તમારી સામે જે કામ વગરની પણ ક્ષણ હોય તેને સાચા હેતુમાં યોજવી.

તમારે જ્યારે કશું જ કરવાનું નથી હોતું, ત્યારે તમે બેચેન બની જાઓ છો, આમતેમ ભટકો છો, મિત્રોને મળો છો, ચાલવાનું કરો છો, અને આ બધું તો ઘણું સારું છે, જે દેખીતી રીતે કરવા જેવું નથી એનો અહીં ઉલ્લેખ કરતી નથી. તેને બદલે આકાશની સમક્ષ બેસી જાઓ, દરિયા પાસે કે ઝાડ તળે બેસો, જે શક્ય હોય તે પ્રમાણે (અહીં તમારે એ બધુંય છે) અને આમાંની એકાદ વસ્તુને આત્મસાત્ કરવા પ્રયાસ કરો : તમે કેમ જીવી રહ્યા છો તે સમજવા, કેમ જીવવું જોઈએ તે જાણવા, તમારે શું કરવું છે અને શું કરવું જોઈએ તે વિશે વિચારણા કરવા, તમે જે અજ્ઞાનમાં, જૂઠમાં, દુઃખમાં, જીવી રહ્યા છો તેમાંથી છૂટવાને માટે કયો ઉત્તમ માર્ગ છે. (શ્રી માતૃવાણી ગ્રંથ : ૩ પૃ. ૨૭૨-૭૩)

***

હું સૂચવું છું કે તમારામાંના દરેકે - ભલે આખો વખત નહિ, પણ દરરોજ માત્ર એક કલાક, અત્યંત અનિવાર્ય ન જણાય તેવું કંઈ જ બોલવું નહિ. શબ્દ વધારેનો નહિ, ઓછો પણ નહિ.

તમારા જીવનનો એક કલાક લો. તમને જે સૌથી સગવડભરેલો લાગે તે; અને એ સમય દરમિયાન તમારી જાતનું નિકટતાથી નિરીક્ષણ કરો. અને માત્ર અત્યંત જરૂરી શબ્દો જ ઉચ્ચારો.

શરૂઆતમાં પ્રથમ તો તમને એક મુશ્કેલી એ જણાશે કે કયું અત્યંત જરૂરી ગણવું, કયું નહીં. આ એક અભ્યાસ જ બની રહેશે અને દરરોજ તમે કંઈક સારું કરતાં રહેશો.

પછીથી તમને જણાશે કે જ્યાં લગી તમે કંઈ જ ન બોલો, ત્યાં લગી અત્યંત મૌન રહેતાં મુશ્કેલી નહિ જણાય; પણ જેવું તમે બોલવાનું શરૂ કર્યું તો પછી હમેશાં, અથવા લગભગ દરરોજ, તમે એવા બે કે ત્રણ કે દશ કે વીસ નકામા શબ્દો બોલશો, જે બોલવાની જરૂર બિલકુલ નહીં જણાય. (શ્રી માતૃવાણી ગ્રંથ ઃ ૩ પૃ. ૨૮૧)

દરરોજ અંતર્મુખતા કેળવવી અનિવાર્ય છે

આપણે બધું વાંચીએ છીએ, સમજવાનો પ્રયત્ન કરીએ છીએ, ખુલાસાઓ આપીએ છીએ, જાણવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ આપણને સાચા અનુભવની એક મિનિટમાંથી જે જાણવા મળે છે તે કરોડો કરોડો શબ્દોમાંથી અને હજારો હજારો ખુલાસાઓમાંથી મળતું નથી.

આ રીતે હવે પહેલો પ્રશ્ન છે કે, 'તો આ અનુભવ કેવી રીતે મેળવવો ?'

તમારી ભીતરમાં ચાલ્યા જાઓ, એ છે પહેલું પગથિયું.

અને એક વાર તમે ઠીક ઠીક ઊંડે જવામાં જો સફળ થઈ શકશો અને ત્યાં જે વસ્તુ રહેલી છે તેની વાસ્તવિકતાનો તમને અનુભવ થાય તો તે પછી તમે ક્રમે ક્રમે, પદ્ધતિપૂર્વક, તમારી જાતનો વિસ્તાર કરતા જાઓ, તમારી જાતને વિશાળ કરતા જાઓ, અને એમાંથી પછી તમે આખાયે વિશ્વ જેટલા વિશાળ બની રહેશો અને મર્યાદાઓના ભાનમાંથી બહાર નીકળી જશો.

આ બે તૈયારી રૂપની પહેલી ક્રિયાઓ છે.

અને એ બે વસ્તુઓને તમારે બને તેટલી ક્ષોભરહિત રીતે, શાંતિ અને સ્વસ્થતાપૂર્વક કરવાની છે. આ શાંતિ, મનમાંની આ સ્વસ્થતા તમને નીરવતા મેળવી આપે છે, પ્રાણમાં સ્થિરતા લાવી આપે છે.

આ પ્રયત્ન, આ સાધના તમારે ઘણી જ નિયમિત રીતે, ઘણી જ ખંતપૂર્વક ફરીફરીને કરતા રહેવાની છે, અને અમુક વખત પછી, પછી એ સમય લાંબો હોય કે ટૂંકો પણ હોય, તમને અત્યારે તમારી સામાન્ય બાહ્ય ચેતનામાં જે વાસ્તવિકતા દેખાય છે તેના

કરતાં એક જુદા જ પ્રકારની વાસ્તવિક્તાનું દર્શન થવા લાગે છે.

અને પછી પ્રભુ-કૃપાના બળે, સ્વાભાવિક રીતે, એકાએક જ આવરણનું એક આંતરિક રીતે ભેદન થઈ જાય છે, અને તમે તરત જ સાચા સત્યની અંદર પ્રવેશ કરી શકો છો. પરંતુ તમને આ સ્થિતિ પ્રાપ્ત થાય પછી પણ, તમારે આ દર્શનનો પૂરેપૂરો લાભ મેળવવો હોય, તેનું સંપૂર્ણ પરિણામ જોઈતું હોય તો તમારે પોતાની જાતને એક આંતરિક ગ્રહણશીલતાની સ્થિતિમાં રાખવી જોઈએ, અને એ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે તમારે રોજરોજ ભીતરમાં એક આંતર ગતિ કરવી પડશે.

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૧૦ પૃષ્ઠ ૨૪-૨૫)

કૃતજ્ઞતાની જ્યોત હંમેશાં જલતી રહેવી જોઈએ

ઈશ્વર તરફથી ઊતરી આવેલી કૃપા માટે પ્રેમપૂર્વક કૃતજ્ઞતા દર્શાવવી.

ઈશ્વરે આપણે માટે જે કાંઈ કર્યું છે અને જે કાંઈ કરતાં રહે છે તે બદલ નમ્રતાપૂર્વક કૃતજ્ઞતા દર્શાવવી.

ઈશ્વર પ્રત્યે ઉપકારની સ્વાભાવિક લાગણી હોવી જોઈએ, કે જે ઈશ્વર તમારે માટે જે કરી રહ્યા છે તેને લાયક બનવાના પ્રયત્નો કરવા માટે તમને પ્રેરે.

***

બહુ થોડા લોકો, બહુ જ થોડા, મંદિર કે ચર્ચમાં સાચી (ધાર્મિક) ભાવના સહિત જતાં હોય છે, એટલે કે પ્રાર્થના કરીને ઈશ્વર પાસે કશું માગવા નહિ પણ પોતાની જાતનું અર્પણ કરવા માટે, અભીપ્સા સહિત પોતાની જાતનું સમર્પણ કરવા માટે મંદિરમાં જનારા લોકો બહુ ઓછા છે.

***

... કૃતજ્ઞી બની રહેવું, પરમાત્માની આ અદ્‌ભુત કૃપાનું ક્યારેય વિસ્મરણ થવું ન જોઈએ. એ કૃપા, માણસની પોતાની ઊણપો, તેનું અજ્ઞાન, ગેરસમજ, તેનો અહં, તેનું બંડ વિ. હોવાં છતાં દરેકને ટૂંકામાં ટૂંકે રસ્તે દિવ્ય ધ્યેય તરફ દોરી જાય છે.

કૃતજ્ઞતાની શુદ્ધ જ્વાળા હંમેશાં આપણા હૃદયમાં જલતી રહેવી જોઈએ, ઉષ્માપૂર્ણ, મધુર અને તેજસ્વી એવી આ જ્વાળા સર્વ પ્રકારના અહંને અને ગૂંચવાડાઓને ઓગાળી નાંખે છે. પરમાત્માની કૃપા કે જે સાધકને તેના ધ્યેય પ્રતિ દોરી જાય છે તેના પ્રત્યે આ કૃતજ્ઞતાની જ્વાળા જલતી રહેવી જોઈએ. અને સાધક જેટલો કૃતજ્ઞી, કૃપાનો જેટલો એ સ્વીકાર કરે અને એને માટે જેટલો આભારવશ રહે એટલો જ એનો માર્ગ ટૂંકાતો જાય.

શ્રી માતાજી

(White Roses : ed. 1973, P.93)

गुरुस्तोत्रम्

① ब्रह्मानन्दं परमसुखदं केवलं ज्ञानमूर्तिं
द्वन्द्वातीतं गगनसदृशं तत्त्वमादिलक्ष्यम् ।
एकं नित्यं विमलमचलं सर्वधीसाक्षिभूतं
भावातीतं त्रिगुणरहितं सद्गुरुं तं नमामि ॥

બ્રહ્માનન્દસ્વરૂપ, પરમ સુખ આપનાર, વિશુદ્ધ, જ્ઞાનસ્વરૂપ, (સુખદુઃખ વગેરે) દ્વંદ્વોથી પર, આકાશ જેવા (વ્યાપક અથવા નિર્લેપ), 'તે તું છે' વગેરેથી ઉલ્લેખવામાં આવતા, એક, નિત્ય, નિર્મળ, અચલ, સર્વ વિચારોના સાક્ષી સ્વરૂપ, (બધા) ભાવોથી પર, (સત્ત્વ-રજસ્-તમસ એ) ત્રણ ગુણોથી રહિત, તે સદ્ગુરુને હું નમન કરું છું.

નોંધઃ तत् त्वम् असि (તે તું છે) ઉપનિષદનું વાક્ય છે. તત્= તે= બ્રહ્મ. શિષ્યને ઉપદેશ આપવામાં આવે છેઃ 'તું બ્રહ્મ છે.' આવાં વાક્યોથી ગુરુનો ઉલ્લેખ કરવામાં આવે છે. આમ ગુરુ બ્રહ્મ છે.

② नित्यं शुद्धं निराकारं निराभासं निरंजनम् ।
नित्यबोधं चिदानन्दं गुरुं ब्रह्म नमाम्यहम् ॥

નિત્ય, શુદ્ધ, નિરાકાર, આભાસ(= ભ્રાન્તિ, માયા) રહિત, ~~દોષરહિત~~ નિર્લેપ, સદાય જ્ઞાન(બોધ)સ્વરૂપ, (શુદ્ધ) ચૈતન્યના આનન્દ સ્વરૂપ, બ્રહ્મ એવા ગુરુને હું નમન કરું છું.

③ गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वरः ।
गुरुः साक्षात् परं ब्रह्म तस्मै श्रीगुरवे नमः ॥

ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ દેવ શંકર છે, ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ છે, તેવા શ્રીગુરુને નમસ્કાર.

(૪) अखण्डमण्डलाकारं व्याप्तं येन चराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥

જેના વડે (યેન) જંગમ (ચર) અને સ્થાવર (અચર) (પદાર્થોવાળું) સમગ્ર ગોળાકાર (मण्डलाकारं) (બ્રહ્માંડ) વ્યાપેલું છે તે પરમેશ્વરનું (तत्पदं) જેમણે (येन) દર્શન કરાવ્યું તે ગુરુને નમસ્કાર.

(૫) अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥
અજ્ઞાનના અંધકારને કારણે જોઈ નહીં શકતા એવા (મારી) આંખ જેમણે (येन) જ્ઞાન રૂપી કાજળની (अञ्जन) સળીથી (शलाकया) ખોલી આપી (उन्मीलितं) તે ગુરુને નમસ્કાર.

(૬) स्थावरं जङ्गमं व्याप्तं येन कृत्स्नं चराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥
જેના વડે સ્થાવર અને જંગમ (એટલે કે) અચર અને ચર સમગ્ર (कृत्स्नं) (વિશ્વ) વ્યાપેલું છે તે પરમેશ્વરનું જેમણે દર્શન કરાવ્યું તે ગુરુને નમસ્કાર.

(૭) चिद्रूपेण परिव्याप्तं त्रैलोक्यं सचराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्रीगुरवे नमः ॥
(વિશુદ્ધ) ચૈતન્યસ્વરૂપ (चिद्रूपेण) (જેમના વડે) સચરાચર ત્રણેય લોક વ્યાપેલા છે તે પરમેશ્વરનું જેમણે દર્શન કરાવ્યું તે ગુરુને નમસ્કાર.

नास्तितत्त्वं गुरोः परम् !

* કેસેટમાં આમ છે: आत्मज्ञानाग्निदानेन = આત્મજ્ઞાનરૂપી અગ્નિ પેટાવનાર

૮ सर्वश्रुतिशिरोरत्नसमुद्भासितमूर्तये।
वेदान्ताम्बुजसूर्याय तस्मै श्रीगुरवे नमः॥

બધાં ઉપનિષદો (શ્રુતિશિરો) રૂપી રત્નોથી પ્રકાશિત (સમુદ્ભાસિત) સ્વરૂપ (મૂર્તયે) વાળા, વેદાન્તરૂપી કમળને (अम्बुज) (ખીલવનાર) સૂર્ય એવા શ્રીગુરુને નમસ્કાર.

૯ चैतन्यः शाश्वतः शान्तो व्योमातीतो निरञ्जनः।
बिन्दुनादकलातीतस्तस्मै श्रीगुरवे नमः॥

(જેઓ શુદ્ધ) ચૈતન્ય છે, શાશ્વત છે, શાન્ત છે, આકાશની પેલે પાર છે, નિર્લેપ છે, બિન્દુ-નાદ-કલાની પેલે પાર છે તેવા શ્રીગુરુને નમસ્કાર.

નોંધ: बिन्दु-नाद-कला-अतीतः ને જુદી જુદી રીતે સમજાવવામાં આવે છે: ① જે સ્થળ અને કાળથી પર છે. ② જે ધ્વનિ અને વિભાજનથી પર છે. ③ જે શૂન્ય (એટલે કે અંક), આદિ નાદ ૐ અને અંશથી પર છે. ④ જે ૐ ના બિન્દુ, નાદ અને अ-उ-म એ ત્રણ અંશોથી (અથવા ૐ ના ઉપર રહેલા ચંદ્રકલાથી) પર છે.
પહેલા બે અર્થો સંતોષકારક નથી.

૧૦ ज्ञानशक्तिसमारूढस्तत्त्वमालाविभूषितः।
भुक्तिमुक्तिप्रदाता च तस्मै श्रीगुरवे नमः॥

(જે) જ્ઞાનની શક્તિ પર આરૂઢ થયેલા છે, બ્રહ્મતત્ત્વની માળાથી વિભૂષિત થયેલા છે, ભોગ અને મોક્ષ આપી શકે છે તે શ્રીગુરુને નમસ્કાર.

૧૧ अनेकजन्मसंप्राप्तकर्मेन्धनविदाहिने।
आत्मज्ञानाग्निदानेन तस्मै श्रीगुरवे नमः॥

અનેક જન્મોથી પ્રાપ્ત થયેલા કર્મોરૂપી ઇંધણને આત્મજ્ઞાનરૂપી આગ ચાંપીને બાળી નાખનાર એ ગુરુને નમસ્કાર.

(૧૨) शोषणं भवसिन्धोश्च प्रापणं सारसंपदः।
यस्यपादोदकं सम्यक् तस्मै श्रीगुरवे नमः॥

જેમનાં ચરણ(ધોયેલું) પાણી (ઉદકં) પુનર્જન્મરૂપી સમુદ્રને સંપૂર્ણપણે (સમ્યક્) સૂકવી નાખે છે તથા (બ્રહ્મજ્ઞાનરૂપી) ઉત્તમ (સાર) સંપત્તિ પ્રાપ્ત કરાવે છે તેવા શ્રીગુરુને નમસ્કાર.

(13) न गुरोरधिकं तत्त्वं न गुरोरधिकं तपः।
तत्त्वज्ञानात्परं नास्ति तस्मै श्रीगुरवे नमः।

ગુરુથી ચઢિયાતું (બીજું કોઈ) સત્ય (તત્ત્વ) નથી, ગુરુ(સેવાથી) ચઢિયાતું (બીજું કોઈ) તપ નથી, બ્રહ્મ(તત્ત્વ) જ્ઞાનથી ચઢિયાતું (બીજું કંઈ જ) નથી. એવા ગુરુને નમસ્કાર.

(૧૪) मन्नाथः श्रीजगन्नाथो मद्गुरुः श्रीजगद्गुरुः।
मदात्मा सर्वभूतात्मा तस्मै श्रीगुरवे नमः॥

મારા નાથ જગતના શ્રીનાથ છે, મારા ગુરુ જગતના શ્રીગુરુ છે, મારો આત્મા સર્વપ્રાણીઓનો આત્મા છે. તેવા શ્રીગુરુને નમસ્કાર.

(૧૫) गुरुरादिरनादिश्च गुरुः परमदैवतम्।
गुरोः परतरं नास्ति तस्मै श्रीगुरवे नमः॥

ગુરુ (સર્વનું) આદિ કારણ છે,(પણ તેઓ પોતે) અનાદિ છે, ગુરુ પરમ દેવ છે, ગુરુ કરતાં વધુ ચઢિયાતું (બીજું કંઈ જ) નથી. તેવા ગુરુને નમસ્કાર.

ગુજરાતી અનુવાદ : મકરન્દ બ્રહ્મ

— विश्वसारतन्त्रम्

વૃત્ત વિશેષ

શ્રી અરવિન્દ મેમોરિયલ ટ્રસ્ટ અને શ્રી અરવિન્દ સોસાયટી વડોદરાના સંયુક્ત ઉપક્રમે શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મ જયંતીના ઉપલક્ષ્યમાં ગંગનાથ મુકામે તા. ૧૭-૧૮ ડિસેમ્બર, ૨૦૨૨ દરમિયાન એક સ્વાધ્યાય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

નર્મદા મૈયાના તટપર ગંગનાથ શ્રી અરવિન્દ પરિવાર માટે તીર્થક્ષેત્ર સમાન છે. તા. ૧૭મીએ શિબિરનું પ્રારંભનું પ્રવચન શ્રી શરદભાઈ જોષીએ આપ્યું હતું, જેમાં શ્રી અરવિન્દ દર્શનના સિદ્ધાંતોની સમજૂતી તેઓએ આપી હતી. ત્યાર પછીનાં અન્ય સ્વાધ્યાય પ્રવચનો સુ.શ્રી રંજનબેન વૈદ્ય, શ્રી નરેન્દ્ર પટેલ અને શ્રી નીલકંઠભાઈ જોષીએ આપ્યાં હતાં. પ્રવચનો ઉપરાંત તા. ૧૮મી એ શ્રી અરવિન્દ ઉપનિષદનું સંસ્કૃત, ગુજરાતી અને અંગ્રેજીમાં પઠન કરવામાં આવ્યું હતું, જે એક નવીન પ્રયોગ ગણી શકાય. આ શિબિરમાં દૂર દૂરથી યુવાનોને પણ નિમંત્રવામાં આવ્યા હતા અને તેઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

શિબિરમાં સવારે યોગાસનો, સાંજે પરિભ્રમણ અને રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમોનાં આયોજનો પણ થયાં હતાં.

૧૮મીએ બપોર પછી શ્રી નર્મદાષ્ટકના સમૂહગાન સાથે શિબિરનું સમાપન કરવામાં આવ્યું હતું. શિબિરનું સંચાલન શ્રી નીલકંઠભાઈ જોષીએ કર્યું હતું.

શિબિરમાં ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાંથી લગભગ ૬૦ અભીપ્સુઓએ ભાગ લીધો હતો. **(અહેવાલ : શ્રી કૈલાશ જોશી)**

*

શ્રી અરવિન્દની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે શ્રી અરવિન્દ યોગકેન્દ્ર જંત્રાલ, તા. કાલોલ જિ. પંચમહાલ દ્વારા નીચે મુજબ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. (૧) તા. ૨૫ માર્ચ ૨૦૨૨ના રોજ યોજાયેલ એક દિવસીય યુથ કેમ્પમાં સાવલી ગ્રામ્ય વિસ્તારના કૉલેજના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તા. ૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ યોજાયેલ એક દિવસીય યુથકેમ્પમાં કાલોલ ગ્રામ્ય વિસ્તારના આર્ટસ અને કોમર્સ કૉલેજના ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ બંને યુથ કેમ્પમાં શ્રી અરવિન્દ જીવન અને તેમનું દર્શન, શ્રી માતાજીએ સમજાવેલું જીવન જીવવાનું વિજ્ઞાન એ મુખ્ય વિષયો હતા. વિદ્યાર્થીઓએ શ્રી અરવિન્દના જીવન પ્રસંગો પોતાની આગવી શૈલીમાં રજૂ કર્યા હતા. પુષ્પોના ફોટોગ્રાફ્સ, શ્રી અરવિન્દ અને શ્રી માતાજીના ફોટોગ્રાફ્સ, ઑરોવિલેના ફોટોગ્રાફ્સનાં પ્રદર્શનો, શ્રમદાન, વંદેમાતરમ્

વગેરે કાર્યક્રમો પણ આ શિબિરોના ભાગરૂપ બની રહ્યાં. કેમ્પનું સંચાલન અને રજૂઆતો શ્રી નરેન્દ્ર પટેલ (વડોદરા) દ્વારા કરવામાં આવી હતી (૨) તા. ૩ જુલાઈ ૨૦૨૨ થી તા. ૮ જુલાઈ ૨૦૨૨ સુધીની એક શિબિરમાં શ્રી પૂજાલાલ રચિત ''સાવિત્રી સારસંહિતા''ના પઠન અનેચિંતનમાં ગુજરાતના કેન્દ્રોમાંથી ૨૧ સાધક ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. આ શિબિરની શરૂઆત શ્રી શરદભાઈ જોષીએ દીપ પ્રાગટ્ય દ્વારા કરી હતી. બધી શિબિરોની વ્યવસ્થા અને આયોજન ખૂબ સુંદર રીતે સ્મિતાબેન ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમના દ્વારા રજૂ કરવામાં આવેલું સમૂહમાં ૐ કાર નાદનું ઉચ્ચારણ એક આગવું નિદર્શન બની રહ્યું હતું. (અહેવાલ : શ્રી સ્મિતા ભટ્ટ)

*

સાવિત્રીશબ્દામૃત–૧૫ મૂળ અંગ્રેજી : શ્રી શ્રદ્ધાવાન. ભાવાનુવાદ : કિરીટ ઠક્કર. પ્રકાશક : યોગયુક્તા પ્રકાશન, વડોદરા. સંપર્ક : મો. ૯૪૨૭૫૪૦૧૯૫ E.Mail - kirityukta@yahoo.co.in પૃષ્ઠસંખ્યા ૩૩૦+૩૦=૩૬૦. સારા મેપલીથો કાગળ ઉપર સુંદર છાપકામ. રંગબેરંગી આવરણ ચિત્ર. મૂલ્ય રૂા. ૩૦૦/-. સાવિત્રી મહાકાવ્યના પર્વ ૪ - જન્મ અને ખોજનું પર્વ - નું શ્રી શ્રદ્ધાવાને કરેલું વિવરણ (અંગ્રેજી ભાષામાં)નો ગુજરાતી ભાવાનુવાદ આ પુસ્તકમાં સમાવાયો છે. જગદંબા અશ્વપતિને વરદાન આપે છે અને સાવિત્રી (જગદંબાનો અંશ) એમને ત્યાં પુત્રી રૂપે અવતરે છે. પર્વ ૪ના ચાર સર્ગો અનુક્રમે (૧) જવાલાનો જન્મ અને બાલ્ય (૨) અગ્નિશિખાની વૃદ્ધિ (૩) ખોજ માટેનું આમંત્રણ અને (૪) ખોજમાં સાવિત્રીના જન્મ, ઉછેર અને નિર્મિત જીવનસાથીની સાવિત્રીની શોધનું ઉત્કૃષ્ટ કવિતાના માધ્યમથી વર્ણન થયેલું છે. શ્રી શ્રદ્ધાવાનજીએ આ વિશે પોતાનો મત આ મુજબ પ્રકટ કર્યો છે.

> It is difficult for me to explain these passages because this is such supreme poetry. This is more about evoking and hinting, giving intimations, suggestions, then describing, so to put that into other words is rather difficult. (P. 145 Eos. 11)

શ્રી અરવિન્દની આ **'Supreme Poetry'** વિશે ભાવ જગાડવાનું, નિર્દેશ કરવાનું, સૂચનાઓ આપવાનું અને સૂચનો કરવાનું કાર્ય શ્રી શ્રદ્ધાવાને એટલી તો સુંદર રીતે કર્યું છે કે ભાવકો, કવિતાપ્રેમીઓ, સાધકોને માટે એમાં નિમજ્જન કરવાનું અતિ સરળ થઈ રહેશે.

પુસ્તકની ભગવદઅર્પણ વિધિનું આયોજન ૨૧ ફેબ્રુઆરીના રોજ શ્રી અરવિન્દ કેન્દ્ર નવસારી મુકામે શ્રી માતાજીની કૃપાથી થશે. (અહેવાલ : કિરીટ ઠક્કર)

*

યુવાનોને : શ્રી માતાજીના પ્રેમ સહિત

જો, બેટા કમનસીબી એ છે કે તું તારી જાતમાં વધુ પડતો ગૂંથાયેલો રહે છે. તારી ઉંમરે હું સર્વ ભાવે મારા અભ્યાસમાં મગ્ન રહેતી હતી — માહિતી એકઠી કરતી, શીખતી, સમજતી, જાણતી. એમાં જ મને રસ પડતો, મને આ જ વસ્તુઓની લત લાગેલી રહેતી. મારી મા અમને — મને તથા મારા ભાઈને — બહુ વહાલ કરતી, અમને કદી પણ ખરાબ મૂડવાળા, અસંતુષ્ટ કે આળસુ થવા દેતી નહિ. જો અમે એની પાસે જઈને ગમે તે કોઈ વસ્તુ વિશે ફરિયાદ કરીએ કે આ અમને સંતોષ આપતું નથી તો તે હસતી અને ઠપકો આપતી : '**આ શું મૂર્ખામી છે ? આ રીતે તમે હાંસીપાત્ર ન બનો. જાઓ, કામ કરો, અને તમારો મિજાજ ઠેકાણે છે કે નહિ તેના ઉપર કશું ધ્યાન ન આપો ! એમાં મને લેશમાત્ર રસ નથી**'. મારી માતાનું વલણ તદ્દન સાચું હતું અને એણે મને જે શિસ્ત તેમ જ પોતાના કર્તવ્યમાં આત્મભાન ભૂલીને એકાગ્ર રહેવાની જરૂરિયાત વિશે જે શીખવ્યું છે તેને માટે હું તેની હંમેશની ઋણી છું.

હું તમને આ બધું કહું છું તેનું કારણ એ છે કે જે ચિંતા વિશે તમે મને વાત કરો છો તેની પાછળ હકીકત એ છે કે તમે તમારી જાતમાં વધુ પડતા કેદ થઈ ગયેલા છો. એના કરતાં, તમે જે કાંઈ કરી રહ્યા છો (ચિત્રકામ કે સંગીત) તેમાં વધુ ધ્યાન આપો તો વધુ સારું. તમારે જો અજ્ઞાની અને અસંસ્કારી મનુષ્ય બની રહેવું ન હોય તો જ્ઞાનનાં જે મૂળ તત્ત્વો તમારે જાણી લેવાં જોઈએ તેનો અભ્યાસ કરો.

જો તમે દરરોજ આઠ-નવ કલાક કામ કરશો તો તમને સારી રીતે ભૂખ લાગશે, તમે સારી રીતે ભોજન લેશો, તમને શાંતિભરી ઊંઘ આવશે અને તમારો મિજાજ ઠીક છે કે નહિ તે વિશે વિચારવાનો તમને વખત જ નહિ રહે.

આ વસ્તુઓ હું તમને હૃદયના પ્રેમપૂર્વક કહું છું અને હું આશા રાખું છું કે તમે તેમને એ રીતે સમજશો.

તમારી મા, જે તમને ચાહે છે.

શ્રી માતાજી

(CWM : 12 : 130) **૧૫ મે, ૧૯૩૪**

Published on 5th of Every Month
Posted on 10th of Every Month at Vadodara HO

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

(વર્ષ ૦૯ : અંક ૦૨)

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા

છૂટક અંકની કિંમત ₹ ૨૦

વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦

વિદેશ માટે-હવાઈ માર્ગે

અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,

શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,

દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧

ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫

E-mail : sasvadodara@aurosociety.org

વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,

આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦

E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.